R.N.I. No. 33297/78. Regd. No. G/GNR/47/2009-11. Licensed to post without pre-payment Licence No. 001-200 9-11 to Post at MBC-NVP-AHD-9 on Every Tuesday/Wednesday

To,

ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી સાપ્તાહિક

વર્ષ - ૩૨● તા. ૨૧મી જુલાઈ, ૨૦૧૦ ● અંક નં. ૩૨

# રોજગાર સમાચાર

તંત્રી : વિ. થિરુપુગલ

સંપાદક : અરવિંદ આર. પટેલ  કાર્યવાહક સંપાદક : પુલક ત્રિવેદી  સહસંપાદક : નરેશ ચૌધરી, પ્રવિણ સોનારિયા

*'ગુજરાત રોજગાર સમાચાર'નું વાર્ષિક લવાજમ **રૂા. ૩૦/-** છે. લવાજમ માહિતી કમિશનરની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૭/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર, ઉપરાંત જિલ્લા ખાતેની માહિતી કચેરીઓએ સ્વીકારવામાં આવે છે. લવાજમ ઉઘરાવવા માટે આ કચેરીએ કોઈ અધિકૃત એજન્ટની નિમણૂક કરી નથી.*

વેબ સાઇટ : www.gujaratinformation.net  Phone No. : 079-232-53440

# ભારતીય સંરક્ષણ દળમાં

## અધિકારી બનવાની ઉત્તમ તક

**પુરુષો માટે ૩૬મો શોર્ટ સર્વિસ કમિશન (ટેક્નિકલ) કોર્સ તથા મહિલાઓ માટેનો સાતમો શોર્ટ સર્વિસ કમિશન ટેક્નિકલ એન્ટ્રી કોર્સ - એપ્રિલ - ૨૦૧૧**

**ભારતીય લશ્કરમાં શોર્ટ સર્વિસ કમિશન માટે પરીણિત/અપરીણિત પુરુષ તથા અપરીણિત મહિલા, નિઃસંતાન વિધવા/ નિઃસંતાન છૂટાછેડા લીધેલી મહિલા/સંરક્ષણ દળના જવાનની વિધવા ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં અરજીઓ મગાવામાં આવે છે.**

**અરજી સ્વીકારવાની છેલ્લી તા. ૨૦-૮-૨૦૧૦**

- **૩૬મો એસ.એસ.સી. (ટેકનીકલ) પુરુષ-જગ્યા-૫૦:** બી.ઇ./ટેક. (સિવિલ-માઈનીંગ/કન્સ્ટ્રકશન સહિત, મિકેનીકલ-ઇન્ડસ્ટ્રીયલ/ઇન્ડસ્ટ્રીયલ એન્જિ. એન્ડ મેનેજમેન્ટ/ઓટો મોબાઇલ સહિત, ઈલેક્ટ્રિકલ-ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સ સહિત, ઈલેક્ટ્રોનિક્સ-ઈલેક્ટ્રોનિક્સ અને ઇન્સ્ટ્રુમેન્ટેશન / માઈક્રો ઈલેક્ટ્રોનિકસ સહિત, કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિ./કોમ્પ્યુટર ટેકનોલોજી/કોમ્પ્યુટર સાયન્સ, આઈ.ટી., કોમ્યુનિકેશન/ટેલિ કોમ્યુનિકેશન-ઈસીઈ/ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુ./સેટેલાઇટ કોમ્યુ. સહિત, આર્કિટેકચર, ફૂડ ટેક/બાયો ટેક.
- **૭મો એસ.એસ.સી. (ટેકનીકલ)-મહિલા-જગ્યા-૩૮ :** ઉપર દર્શાવેલ શાખાઓ (બી.ઇ./બી.ટેક ફૂડ ટેક/બાયો ટેક સિવાય)
- **વય મર્યાદા :** ૨૦ થી ૨૭ વર્ષ. તા. ૨-૪-૧૯૮૪ પૂર્વે અને તા. ૧-૪-૧૯૯૧ પછી જન્મેલા ન હોવા જોઈએ.
- **લશ્કરી જવાનોની વિધવા ઉમેદવારો માટે :** સ્નાતક (કોઈપણ શાખામાં)-૦૧ જગ્યા. બી.ઇ./બી. ટેક. ઉપર દર્શાવેલ શાખાઓ)-૦૧ જગ્યા.
- **વય મર્યાદા :** સ્નાતક માટે - ૧૯ થી ૨૯ વર્ષ, બી.ઇ./બી.ટેક માટે - ૨૦ થી ૩૧ વર્ષ.
- જુદી જુદી કક્ષાની લાયકાત મુજબ જગાઓની અંતિમ ફાળવણી જરૂરીયાત મુજબ આર્મી હેડક્વાટર્સ દ્વારા કરાશે.
- જે ઉમેદવારો બી.ઈ./બી.ટેક. જેવી ટેક્નિકલ ડિગ્રી પરીક્ષાના અંતિમ વર્ષ/સેમેસ્ટરમાં અભ્યાસ કરતાં હોય તેઓ પણ અરજી કરી શકે છે, પરંતુ તેમણે ડિગ્રી પરીક્ષા પાસ કર્યા અંગેનો આધાર ઓ.ટી.એ. ખાતે તાલીમ શરૂ થયાના ૧૨ સપ્તાહમાં રજૂ કરી દેવાનો રહેશે. જો આવો આધાર રજૂ કરવામાં ઉમેદવાર નિષ્ફળ જશે તો તાલીમનો ખર્ચ વસુલ કરવામાં આવશે.
- એન્જિનિયરીંગ (બી.ઈ./બી.ટેક.) ની ડિગ્રી ધરાવનાર પુરુષ/મહિલા અધિકારીઓને એક વર્ષની એન્ટી ડેટ(Ante Date) સિનિયોરીટી આપવામાં આવશે.
- જગાઓની સંખ્યા કામચલાઉ છે. તાલીમ માટે પૂરતા સ્થાનોની ઉપલબ્ધીના આધારે તેમાં ફેરફાર થઈ શકે છે.
- ઉમેદવારોએ ફક્ત એકજ એન્ટ્રી/શાખા માટે અરજી કરવાની રહેશે. એક વખત એન્ટ્રી/શાખાની પસંદગી થઈ ગયા બાદ તે ઉમેદવારોને બદલી દેવામાં આવશે નહિ. એક કરતાં વધુ અરજી મોકલનારની ઉમેદવારી રદ કરાશે.
- લશ્કરમાં સેવા કાળ દરમિયાન શહીદ થયેલ જવાનની વિધવા પત્નિ (સંતાન ધરાવતી હોય તો પણ) ને ઉપલી વયમર્યાદામાં ચાર વર્ષની છૂટછાટ અપાશે. તેમજ એસ.એસ.સી. ટેક્નિકલ/નોન ટેક્નિકલ બંને મળીને પાંચ ટકા બેઠકો અલગ તારવવામાં આવેલી છે.આવા ઉમેદવારોએ અરજીપત્રકના પરબીડિયા ઉપર **લાલ શાહીથી** રેંક સામે અધિકારીનું નામ. દા. ત.Widow of Late................. એમ દર્શાવવાનું રહેશે. આવા ઉમેદવારોની અરજી સીધી જAG'S Branch, ADG Recruiting, Army HQને મોકલી શકે છે.
- **યોગ્યતાની શરતો :**

**જગાની કુલ સંખ્યા : ૮૮**

(એ) **રાષ્ટ્રીયતા :** ઉમેદવાર (૧) ભારતનાં નાગરિક (૨) નેપાળનાં પ્રજાજન કે (૩) ભૂતાનના પ્રજાજન કે (૪) મૂળ તિબેટનાં પણ ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી ૧લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલાં શરણાર્થી તરીકે તેમના માતા-પિતા ભારતમાં પ્રવેશ્યા હોય તેવા, ભારતમાં વસવાટ ધરાવતા હોય**અથવા** (૫) મૂળ ભારતનાં પણ જેમણે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદે પાકિસ્તાન, મ્યાનમાર (ભૂતપૂર્વ બર્મા), શ્રીલંકા અને પૂર્વ આફ્રિકન દેશો જેવા કે, કેન્યા, યુગાન્ડા, યુનાઈટેડ રિપબ્લિક ઓફ ટાન્ઝાનિયા (ભૂતપૂર્વ ટાંગાનિકા અને ઝાંઝીબાર) ઝાંબિયા, માલાવી, ઝૈર અને ઈથોપિયા તેમજ વિયેટનામથી સ્થળાંતર કરી આવેલ વ્યક્તિ.

- **શારીરિક ધોરણો :**
- **ઊંચાઈ અને વજન :** પુરુષ ઉમેદવાર માટે સ્વીકાર્ય ઊંચાઇ ૧૫૭.૫ સે.મી. તથા સપ્રમાણ વજન અને મહિલા ઉમેદવાર માટે સ્વીકાર્ય લઘુત્તમ ઊંચાઈ અને વજન અનુક્રમે ૧૫૨ સે.મી. અને ૪૨કિ.ગ્રામ છે.
- **દૃષ્ટિનું ધોરણ :**દૃષ્ટિની સ્વીકાર્ય લઘુત્તમ તીવ્રતા દૂરની દૃષ્ટિ (સુધારેલ) વધુ સારી દૃષ્ટિ ૬/૬, નબળી દૃષ્ટિ ૬/૧૮ દૃષ્ટિદોષ સહિત માયનસ ૫.૫ કરતાં ટૂંકી દૃષ્ટિ ન હોવી જોઈએ. રેડીયલ કેરેટોટોમી**અથવા** લેસીક સર્જરી કરાવનાર ઉમેદવારની અરજી રદ કરાશે. શારીરિક યોગ્યતા માટે ઉમેદવાર સારૂં માનસિક અને શારીરિક આરોગ્ય ધરાવતાં હોવાં જોઈએ અને ફરજના યોગ્ય પાલનમાં અંતરાયરૂપ બનવાનો સંભવ હોય તેવી કોઈ અશક્તતા ધરાવતાં ન હોવાં જોઈએ.
- **પસંદગી પદ્ધતિ :**

  અરજીઓની પ્રાથમિક તારવણી એડિશનલ ડાયરેક્ટોરેટ જનરલ રિક્રૂટિંગ, આર્મી હેડક્વાર્ટર ખાતે કરાશે. તારવણી કરાયેલા ઉમેદવારોને અલ્હાબાદ (ઉ.પ્ર.), ભોપાલ (એમ.પી.), બેંગ્લોર (કર્ણાટક) ખાતેના સંબંધિત સર્વિસ સિલેકશન બોર્ડના સાઈકોલોજિસ્ટ, ગ્રુપ ટેસ્ટિંગ ઓફિસર અને ઈન્ટરવ્યૂઈંગ ઓફિસર દ્વારા ઉમેદવારોની ચકાસણી કરાશે અને ઉમેદવારોને પસંદગી કેન્દ્રની ફાળવણી કરાશે.
- પસંદગી પદ્ધતિ બે તબક્કામાં રહેશે. બે તબક્કાની પસંદગી પદ્ધતિમાં પસંદગી કેન્દ્ર ખાતે સાયકોલોજિકલ એપ્ટિટ્યૂટ ટેસ્ટના આધારે ઉમેદવારોની પસંદગી કરાશે. પ્રથમ દિવસે પહેલાં તબક્કાની પરીક્ષા લેવાશે. જે ઉમેદવારો પ્રથમ તબક્કાની પરીક્ષામાં ઉત્તીર્ણ થશે તેમને જ બીજા તબક્કાની પરીક્ષામાં પ્રવેશ મળશે.
- ઉમેદવારોની ગુણવત્તા યાદી તૈયાર કરાશે. ઈન્ટરવ્યૂમાં સફળ થવા માત્રથી ઉમેદવારોને નિમણૂકનો હક્ક પ્રાપ્ત થતો નથી ગુણવત્તા યાદી મુજબ જગાની સંખ્યાના આધારે અને તબીબી સજ્જ પ્રમાણે લશ્કરમાં જોડાવાની સૂચના અપાશે.
- **તબીબી પરીક્ષા :**

સર્વિસ સિલેકશન બોર્ડ દ્વારા પસંદ કરાયેલાં ઉમેદવારોએ સ્પેશિયલ મેડિકલ બોર્ડ (એસ.એમ.બી.) સમક્ષ તબીબી પરીક્ષા માટે ઉપસ્થિત રહેવું પડશે. મેડિકલ બોર્ડ દ્વારા તબીબી રીતે સજ્જ માલૂમ પડેલા ઉમેદવારોને જ એકેડેમીમાં પ્રવેશ અપાશે.

અયોગ્ય, હંગામી અયોગ્ય જાહેર કરાયેલા ઉમેદવારોને રીમેડિકલ, અપીલ મેડિકલ બોર્ડને વિનંતી કરવા માટેની કાર્યવાહી માટે મેડિકલ બોર્ડના પ્રમુખ દ્વારા જાણ કરવામાં આવશે, ઉમેદવારોને તેમના પોતાના હિતમાં ૪૨ દિવસ પહેલાં રીમેડિકલ કે અપીલ મેડિકલ બોર્ડ માટે હાજર રહેવાની સલાહ આપવામાં આવે છે અને તેમણે ખાસ તબીબી બોર્ડે આપેલ છેલ્લી તારીખ સુધી રાહ જોવાની જરૂર નથી. એડિશનલ ડી.ટી.ઈ. જનરલ આર.ટી.જી.માં ડાયરેકટર જનરલ મેડિકલ સર્વિસિસની તબીબી બોર્ડની કાર્યવાહીની મંજૂરી મળતાં તબીબી રીતે યોગ્ય ગણવામાં આવશે. ઉમેદવારોને ગુણવત્તાયાદીને આધારે અને પ્રાપ્ત ખાલી જગાને આધીન રહીને જોડાવાની સૂચનાઓ આપવામાં આવશે. સર્વિસ સિલેકશન બોર્ડ ખાતે પસંદગી પછી કે તાલીમ દરમિયાન કોઈ પણ તબકકે સગર્ભાવસ્થા માલૂમ પડશે તો નિઃસંતાન વિધવા છૂટાછેડા લીધેલ મહિલા સહિતના ઉમેદવારને કમિશન આપવામાંથી બાકાત રખાશે.

ઉમેદવારોએ એસ.એસ.બી. ઈન્ટરવ્યૂમાં ઉપસ્થિત થતાં પહેલાં કાનનો મેલ, ડી.એમ.એસ., રંગ અંધત્વની ખામી, વધુ વજન, ઓછું વજન, મસા, કાકડાનો સોજો, ગાયનેકોમેસટાઈઝ વગેરેની પ્રાથમિક તબીબી ચકાસણી કરાવી લેવી.

- **પ્રવાસ ભથ્થાં માટેની પાત્રતા :**

  પ્રથમવાર એસ.એસ.બી. ઈન્ટરવ્યૂ માટે ઉપસ્થિત થતાં ઉમેદવારો ભારતની સરહદમાં રહીને રેલવેનું જવા-આવવાનું બીજા વર્ગનું રિઝર્વેશન કમ સ્લીપરના ચાર્જ સહિતના રેલવે/બસ ભાડા માટે હકદાર રહેશે.
- **તાલીમ :** ઓ.ટી.એ., ચેન્નાઈ ખાતે આશરે ૪૯ સપ્તાહની તાલીમ. તાલીમ સફળતાપૂર્વક પૂરી કરતાં ઉમેદવારોને લેફટેનન્ટની રેંકમાં કમિશન અપાશે. આર્મ્સ/સર્વિસની આખરી ફાળવણી ઓ.ટી.એ. માંથી મહિલા/જેન્ટલમેન કેડેટની ફાળવણી કરાયા પહેલાં કરાશે.
- **કમિશનમાં રાખવા માટેની યોગ્યતા :** કમિશન મળ્યાના છ મહિનામાં આયોગને કોઈ ઉમેદવાર અયોગ્ય જણાશે તો દસ વર્ષની નોકરીના કરારની મુદત પહેલાં કોઈ પણ સમયે તેમની નોકરી કમિશન સમાપ્ત કરી શકશે. સંરક્ષણ દળોમાંથી અગાઉ શિસ્તના ધોરણે છૂટા કરાયેલા ઉમેદવારોએ અરજી કરવી નહીં.
- **સર્વિસ માટેની જવાબદારી :** કમિશન પ્રાપ્ત પુરુષ/મહિલા અધિકારી વખતોવખત લશ્કરના મુખ્ય મથક દ્વારા નક્કી કરાય તે પ્રમાણે પસંદ કરાયેલ નિમણૂકથી વિશ્વના કોઈ પણ ભાગમાં નોકરી માટે પાત્ર થશે.
- **બઢતી :** અમલમાં હોય તેવા નિયમો મુજબ અધિકારીઓ બઢતી માટે લાયક ગણાશે.
- **નોકરીની મુદત :** કમિશન પ્રાપ્ત થયેલા બધા પુરુષ/મહિલા અધિકારીઓ અન્ય શરતોનું પાલન કરે તો તેને આધિન રહીને કમિશન પ્રાપ્ત થયાની તારીખથી દસ વર્ષની મુદત સુધી ભારતીય લશ્કરમાં નિમણૂક કરાશે. આ મુદત તેમની કામગીરી તથા તે માટે તેઓ વિકલ્પ આપે તો આ મુદતમાં વધુ ચાર વર્ષનો વધારો કરી શકાશે. પુરુષ અધિકારીએ દસ વર્ષ બાદ ધારાધોરણ પૂર્ણ કરતા હશે તો પરમેનન્ટ કમિશન મેળવવા હક્કદાર બનશે.
- **પગાર ભથ્થાં અને અન્ય લાભો :** રૂા. ૧૫,૬૦૦-૩૯,૦૦૦+૫૪૦૦ ગ્રેડ પે રૂા. ૬૦૦૦ મીલીટરી સર્વિસ પેના પગાર ધોરણમાં લેફટનન્ટ રેન્કમાં નિમણૂક અપાશે. ડી. એ., સી.સી.એ., એચ.આર.એ., વાહન ભથ્થું,આઉટફિટ એલાઉન્સ, કિટ મેન્ટેનન્સ એલાઉન્સ વગેરે ભથ્થાં ઉપરાંત અન્ય લાભ જેવા કે વિનામૂલ્યે ખોરાક, પોતાના માટે તથા પરિવાર માટે વિમાન દ્વારા કરાતા પ્રવાસમાં ૫૦ ટકા રાહત, ૬૦ દિવસની વાર્ષિક રજા અને ૩૦ દિવસની કેઝયુઅલ રજા તથા એલ.ટી.સી., આર્મી ગ્રૂપ ઈન્સ્યોરન્સ ફંડ હેઠળ તાલીમ દરમિયાન રૂા. ૧૫ લાખનું વીમાનું છત્ર પૂરૂં પડાશે.
- **અનામત જવાબદારી :** નોકરીના કરારની મુદત પૂરી થયા પહેલાં કે પછી છૂટા કરાયેલ અધિકારીઓ, પાંચ વર્ષ સુધી લશ્કરી સેવા વત્તા બે વર્ષ સુધી સ્વૈચ્છિક ધોરણે **અથવા** મહિલા અધિકારી માટે ૩૭ વર્ષની ઉંમર તથા પુરુષ અધિકારીની ૪૦ વર્ષની ઉંમર સુધી એમાંથી જે પહેલું હોય ત્યાં સુધી લશ્કરમાં નોકરી કરવાની અનામત

➔

➔ જવાબદારી ધરાવે છે.

**❑ અરજી કેવી રીતે કરશો ?**

♦ જાહેરાતમાં આપેલ અરજીપત્રકના નિયત નમૂના મુજબ **પીળા કાગળમાં** અરજી કરવી. ♦ જવાનની વિધવા હોય તેમણે નિયત નમૂના મુજબ **સફેદ કાગળમાં** અરજી કરવી. ♦ અરજી ધરાવતા પરબીડિયાં ઉપર અરજી કરતાં હોય તે જગાનું નામ અને વિભાગ સ્પષ્ટ રીતે **લાલશાહીથી** મોટા અક્ષરોમાં દર્શાવવા. દાખલા તરીકે, 36th SSC (TECH) MEN AND 7TH SSC (TECHNICAL) WOMAN AND WIDOWS OF DEFENCE PERSONNEL ENTRY/ QUALIFICATION CODE....... ♦ અરજી રજિસ્ટર પોસ્ટથી **તા. ૨૦-૮-૨૦૧૦ના** રોજ કે તે પહેલાં નીચેના સરનામે મળી જવી જોઈએ.

♦ **૩૬મો S.S.C. (T) પુરુષ કોર્સ માટે** :Integrated Headquarters of MOD (Army), Adjutnat General's Branch, Addl. Disrectorate General of Recruiting, TGC Entry, West Block - III, R.K. Puram, New Delhi-110066

♦ **૭મો S.S.C. (T) મહિલા કોર્સ માટે :**
Integrated Headquarters of MOD (Army), Adjutnat General's Branch, Addl. Directorate General of Recruiting, Women Entry, West Block - III, R.K. Puram, New Delhi-110066 ♦ નિયત તારીખ પછી મળેલી કોઈ જ અરજી ખોલવામાં/ ધ્યાનમાં લેવામાં આવશે નહિ. ♦ અખબારી ક્લિપિંગમાં **અથવા** તેની ઝેરોક્ષ નકલમાં અરજી કરવી નહિ. ♦ પોસ્ટના વિલંબ માટે રિક્રૂટીંગ ડાયરેકટરેટ જવાબદાર નથી. ♦ ખાનગી કુરિયર દ્વારા અરજી મોકલવી નહિ. ♦ આ અંગે કોઈ વિવાદ ઉભો થાય તો તેનું ન્યાયનું ક્ષેત્ર દિલ્હી રહેશે.

**❑ સામાન્ય સૂચના :**

♦ પોતાનું અરજીપત્રક મોકલતાં પહેલાં ઉમેદવારે નિયત લાયકાતની પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ. ♦ ઉપરના અભ્યાસક્રમ માટે ઉમેદવારને એક જ અરજી કરવાની છૂટ આપવામાં આવે છે. ♦ કોઈ જ ઉમેદવારને તાલીમની મુદત દરમિયાન લગ્ન કરવાની કે માતાપિતા/વાલીઓ સાથે રહેવાની છૂટ આપવામાં નહિ આવે. ♦ અરજી કર્યા બાદ તરત લગ્ન કરનાર ઉમેદવાર ઈન્ટરવ્યૂ અને તબીબી ચકાસણીમાં પાસ થયા હશે તો પણ તેમનો તાલીમમાં સમાવેશ કરાશે નહિ. ♦ તાલીમ દરમ્યાન લગ્ન કરનાર ઉમેદવારને તાત્કાલિક છૂટા કરી દેવાશે તેમજ તેની તાલીમ પાછળ સરકારે કરેલો તમામ ખર્ચ વસુલ કરવામાં આવશે. નિઃસંતાન વિધવા/છૂટાછેડા લીધેલ નિઃસંતાન મહિલા તેમજ સંરક્ષણ દળના જવાનની વિધવાઓને પણ આ બાબત લાગુ પડે છે. ♦ અરજી મોકલ્યા પછી તમારા સરનામામાં કોઈ ફેરફાર થાય તો તેની જાણ તાત્કાલિક એડિશનલ ડાયરેક્ટોરેટ જનરલ ઓફ રિક્રૂટિંગને કરવી. ♦ એસ.એસ.બી. ઈન્ટરવ્યૂ માટે સિલેકશન સેન્ટરમાંથી કોઈ પત્ર ન મળે તો ઉમેદવારોએ માની લેવું જોઈશે કે તેમની અરજી નિયત તારીખ પછી મળી છે, કે તેઓ અયોગ્ય જણાયા છે. આ અંગે કોઈ જ પત્રવ્યવહારમાં ઉતરવામાં નહિ આવે. ♦ પસંદગી કસોટી દરમિયાન થતી કોઈ ઈજા માટે કોઈ જ વળતર આપવામાં નહિ આવે. ♦ અહીં જણાવેલ જગાઓ અને શરતો ફક્ત માર્ગદર્શન માટે જ છે અને કોઈપણ જાણ કર્યા સિવાય તેમાં ફેરફાર થઈ શકે છે. તેમને આધાર તરીકે ગણી શકાય નહિ. ♦ આ જાહેરાતમાં જણાવેલી કોઈ સૂચનાઓનું ઉલંઘન કરાતાં તમારી અરજી રદબાતલ બનશે. પ્રમાણિત કરાયા વિનાની બે નકલો સાથે બધાં જ મૂળ પ્રમાણપત્રો એસ.એસ.બી. ઈન્ટરવ્યૂમાં લઈ જવાના રહેશે. મૂળ પ્રમાણપત્રો ખરાઈ કર્યા પછી પરત આપવામાં આવશે.

❑ નીચે દર્શાવેલ પ્રમાણપત્રોની પ્રમાણીત નકલો નિયતક્રમમાં અરજીપત્રક સાથે બીડી મોકલવાની રહેશે. **મૂળ પ્રમાણપત્રો અરજીપત્રક સાથે બિડવા નહીં.** ફોટોગ્રાફ અરજીપત્રક ઉપર નિયત જગાએ ચોંટાડવાનો રહેશે. તેને સ્ટેપલ કરવો નહિ. ફોટોગ્રાફ પાછળના ભાગે પ્રમાણિત કરાવવો નહિ. પરંતુ તેના ઉપરના ભાગે સ્વયં પ્રમાણિત કરવો. કોઇ પણ તબક્કે હેરફેર દરમિયાન કોઈ પ્રમાણપત્ર ખોવાઈ જશે તો તેના માટે આર્મી હેડક્વાર્ટર જવાબદાર રહેશે નહીં.

♦ જન્મ તારીખના પૂરાવા માટે બોર્ડે આપેલ મેટ્રિક્યુલેશન સર્ટિફિકેટ.

♦ ઈજનેરી ડિગ્રીના બધા વર્ષો/ભાગો/ સેમિસ્ટરોના ગુણપત્રો **અથવા** બી.ઈ./બી.ટેક.નું મુળ ડિગ્રી પ્રમાણપત્ર. જે ઉમેદવારો ઈજનેરી ડિગ્રીના અંતિમ વર્ષ/સેમિસ્ટરમાં હોય તેવા ઉમેદવારોએ ૧ થી ૭ સેમેસ્ટરના માર્કશીટની પ્રમાણિત નકલ બીડવી.

**❑ ઇચ્છનીય પ્રમાણપત્રો :**

♦ સંતાન વિહોણ છો તે અંગેનું એફિડેવિટ.(વિધવા/લશ્કરી જવાનની વિધવા/છૂટાછેડા લીધેલ મહિલાઓ માટે).

♦ છૂટાછેડા અંગેના કાયદેસરના દસ્તાવેજો અને આ બાબત ઉપલી અદાલતમાં નિર્ણય માટે રજૂ થયેલ નથી તે મતલબનું એફિડેવિટ.

♦ પુરુષ/મહિલા ટેક્નિકલ એન્ટ્રી સ્કીમ (ઓફિસર્સ) તેમજ જવાનની વિધવાઓ માટેની એન્ટ્રી કોર્સ માટે રજુ કરેલ અરજીપત્રક ફક્ત આજ કોર્સ માટે માન્ય ગણાશે. અન્ય કોર્સ માટે તેનો સ્વીકાર કરાશે નહિ.

**❑ ઈન્ટરવ્યૂની તારીખોમાં ફેરફાર :**

ઉમેદવારની એસ.એસ.બી. ઈન્ટરવ્યૂની તારીખમાં ફેરફાર માટેની કોઈ જ વિનંતીનો સ્વીકાર કરવામાં નહિ આવે. આમ છતાં, અત્યંત અનિવાર્ય સંજોગોમાં આવો ફેરફાર કેસના સંજોગો ઉપર આધાર રાખીને વિચારી શકાશે. આ બાબત નિયમ કરતાં અપવાદ હશે. સરકારી રાજ્યપત્રિત અધિકારીના પ્રમાણપત્રનું યોગ્ય રીતે સમર્થન કરાયેલ આવા ફેરફાર માટેની વિનંતી જ્યાંથી એસ.એસ.બી. ઈન્ટરવ્યૂના કોલ લેટર મળ્યો હોય તે પસંદગીના કેન્દ્ર ખાતે મોકલવી અને તે એડિશનલ ડાયરેક્ટર જનરલ ઓફ રિક્રૂટિંગને મોકલવી નહિ.

## FORMAT OF APPLICATION
## THIRTY SIXTH SHORT SERVICE COMMISSION (TECHNICAL) MEN AND SEVENTH SHORT SERVICE COMMISSION (TECHNICAL) WOMEN COURSE (APR. 2011)
### (INCLUDING WINDOWS OF DEFENCE PERSONEL FOR TECH AND NON-TECH ENTRY)
### LAST DATE FOR RECEIPT OF APPLICATION : 20 AUGUST, 2010.

**For Office use only**
Name of Entry : ..........................................................
Roll No. : ......................................................................

Accepted/Rejected : ..................................................

Affix latest self attested Photograph

1. Full Name in Capital : ..........................................................................................................
   (As per Matriculation/equivalent Certificate)
2. Father's Name in Capital : ....................................................................................................
   (As per Matriculation/equivalent Certificate)
3. Father's Occupation : ..........................................................................................................
4. Date of birth in Christian era : ..............................................................................................
   (As per Matriculation/equivalent Certificate)
5. (a) Full Postal Address : ......................................................................................................
   (b) Parmanet Address : ..........................................................................................................
   ..........................................................................................................................................
   (Telephone Number with STD Code, and Mobile No. if held)
6. Disclipline of Engg..........................................................................................................................
   (Refer Para 1 of Press Notification)
7. Educational qualification giving details of Matriculation/equivalent examination, all degree, exams passed and Postgraduate degree/diploma obtained.

| Name of Exam. passed | Month and Year of Passing | Subject Studied | Aggregate Percentage (Not Year Wise) | Name of Board/ University/ Institute | Duration of the Course |
|---|---|---|---|---|---|
| | | | | | |

8. Details of Previous SSB/AFSB appearances, if any :
   (if yes, give details, if no, write N A)
   (i) No of Chances availed
   (ii) Place (s) with SSB/AFSB No. Batch/Chest No and date of interview.
9. Present employment, if any : ..................................................................................................
   Give full name and address of employer (in case of civil employer of the State or Central Govt.) This application should be sent through Head of the Department
10. Nationality : ............................................................................................................................
11. Religion : ................................................................................................................................
12. Sex — Write 1, if Male ☐
    Write 2. if Female ☐
13. Marital status
    Write 1, if Unmarried
    Write 2, if issueless widow/Divorcee
    Write 3, if widow of Defence Personnel
    Write 4, if married male
14. List of documents attached
    (a)
    (b)
    (c)

### DECLARATION

15. All the nine items should be included in the application format.
    (i) I have read and understood the terms and conditions given in the press notification and undertake to abide by them.
    (ii) I hereby declare that all statements made in the application are true to the best of my knowledge and belief.
    (iii) I undertake not to have any objects in the event of my final selection on the allotment of any Arms/Services in the interest of service made to me prior to passing out from OTA.
    (iv) I have never been debarred from appearing in any examination nor I have been arrested or convicted by a criminal court or involved in any other case registered by police.
    (v) I am employed with ...................................................................................... and I have informed my employer in writing that I am applying for commission in the Indian Army/am applying for commission through Head of my department.
    (vi) I undertake not to make any claim or compensation if at any stage of my selection, my ineligibility for candidature is detected and my candidature is cancelled as a result thereof.
    (vii) This is the only application submitted by me for 34th SSC (Tech) men and 5th SSC (Tech) Women/widows of defence personnel and information in the declaration misrepresentation of fact and/or concealment of information in the declaration will result in the cancellation of my candidature and may also debar me either permanently or for a specified period from applying for future course.
    (viii) I undertake not to marry till I complete the full training at the Officer Training Academy, in case inducted I also understand that in case of my final Selection, my appointment will be provisional subject to satisfactory police and educational verification.
    (ix) In the eventuality of my being selected by the Services Selection Board, I will have no objection to be medically examined by a Medical Board of male/female doctors/Specialists/Gynaecologist provided a Lady Medical Officer is member of the medical board.
    (x) In case of withdrawn from Academy, cost of trg. @ Rs. 7075/- per week will be paid by me.

Place : ..........................................................................
Date : ...........................................................................

..............................................
**Signature of Candidate**

❑ **અરજીનો અસ્વીકાર થવા માટેની સામાન્ય ભૂલો :** ♦ સ્વયં ફોટા પ્રમાણિત કર્યા ન હોય. ♦ કોઈપણ રીતે અપૂર્ણ અરજીઓ/**અથવા** જરૂરી પ્રમાણપત્રોની નકલો સિવાયની અરજીઓનો અસ્વીકાર કરાશે. આ અંગે મુખ્યમથક કોઈ જ પત્રવ્યવહાર નહિ કરે. ♦ અરજીમાં મેટ્રિક કે સમકક્ષ પ્રમાણપત્ર અને સ્નાતક પ્રમાણપત્રમાં લખેલાં નામ અને જોડણીના ફેરફાર જો હોય તો તે એફિડેવિટ સાથે રજૂ કરવાં જોઈએ. ♦ પ્રમાણપત્રની પ્રમાણિત ખરી નકલ સરકારી ગેઝેટેડ અધિકારી દ્વારા પ્રમાણિત કરાયેલી ન હોય. ♦ મેટ્રિક કે તેની સમકક્ષ પ્રમાણપત્રોની પ્રમાણિત ખરી નકલો (ઉંમરની ખરાઈ માટે) અરજીની સાથે બીડેલી ન હોય. ♦ યોગ્ય તારીખે અરજી ન મળી હોય. ♦ એક કરતાં વધુ અરજી કરી હોય. ♦ એન્ટ્રી/લાયકાતના કોડ દર્શાવ્યા ન હોય **અથવા** ખોટા દર્શાવ્યા હોય. ♦ એક કરતાં વધુ અરજી કરતાં ઉમેદવારો આ અભ્યાસક્રમો માટે તથા ભવિષ્યમાં લશ્કરમાં કમિશન માટે અરજી કરવા માટે અમાન્ય બનશે. ♦ અરજીપત્રકના પરબીડિયાં ઉપર નિયત વિગતો વગરની અરજીઓ રદબાતલ કરાશે. ♦ ઉપરના પ્રમાણપત્રોમાં માલૂમ પડેલ કોઈ અસંગતતા, છેકછાક, પ્રમાણિત નહિ કરાયેલ કાપલીઓ/ ખોટી માહિતી/ માહિતી છૂપાવવી જેવી બાબતો પસંદગીના કોઈપણ તબક્કે ઉમેદવારની ઉમેદવારીને રદ થવા પાત્ર બનાવશે.

♦ **ઉપરની બાબતોની વધુ સ્પષ્ટતાઓ માટે રિક્રૂટિંગ ડાયરેક્ટોરેટનો ટેલીફોન નં. (૦૧૧) ૨૬૧૭૩૨૧૫, ૨૬૧૭૫૪૭૩ ઉપર સંપર્ક કરવો. E-mail : dir-recrating6-mod@nic.in તેમજ વેબસાઈટ : www.indianarmy.nic.in નામની વેબસાઈટ જોવી.**

♦ અરજીફોર્મનો નમુનો આર્મી વેબસાઇટ : **www: indianarmy.nic.in** ઉપરથી પણ ડાઉનલોડ કરી શકાશે. ●

# ભારતીય સંરક્ષણ દળ

## NCC નું "C" - માણપત્ર ધરાવો છો?

## ભારતીય સૈન્ય તમને આવકારે છે

**શોર્ટ સર્વિસ કમિશન (એન.ટી.) ૨૯મો કોર્સ એપ્રિલ-૨૦૧૧માં એન.સી.સી.ના 'સી' પ્રમાણપત્ર હોલ્ડર માટે સ્પેશિયલ એન્ટ્રી સ્કીમ**

**અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ : ૧૦-૮-૨૦૧૦**

**જગાની સંખ્યા : ૫૮**

ભારતીય લશ્કરને સર્વોત્તમ અને તેજસ્વી ઉમેદવારોમાંથી મર્યાદિત સંખ્યામાં સારા ઉમેદવારોની જરૂર છે.

જે વ્યક્તિ પાસે વિચારશક્તિ, આદર્શવાદ અને બહાદૂરી હોય અને બીજાઓને દોરવણી અને પ્રેરણા આપી શકે તેમ હોય તો લશ્કરમાં જોડાવા વિશે વિચારો. આ એક પડકાર છે, જે તમારા જીવનને નવો મોડ આપશે.

ઈન્ડિયન આર્મીમાં શોર્ટ સર્વિસ કમિશન આપવા માટે **અપરીણિત/ પરીણિત ભારતીય પુરૂષ અને અપરીણિત મહિલા, જવાનની વિધવા ઉમેદવારો** પાસેથી અરજીઓ મગાવામાં આવે છે.

❑ **જગાની સંખ્યા : ૫૮,** પુરૂષ ઉમેદવારો માટે ૫૦ જગા (૧૦ ટકા જગા યુદ્ધમાં માર્યા ગયેલા જવાનોના સંતાનો માટે અનામત છે.) અને ૦૮ જગા મહિલાઓ માટે.

❑ **યોગ્યતાની શરતો :**

✷ **નાગરિકત્વ :** ઉમેદવાર (**i**) ભારતીય નાગરિક હોવા જોઈએ અથવા (**ii**) ભૂતાનના પ્રજાજન અથવા (**iii**) નેપાળના પ્રજાજન અથવા (**iv**) તિબેટના શરણાર્થીઓ કે જેઓ ભારતમાં કાયમી વસવાટ કરવાના હેતુથી જાન્યુઆરી-૧૯૬૨ પહેલાં ભારતમાં આવ્યાં હોય અથવા (**v**) ભારતમાં કાયમી વસવાટ કરવાના હેતુથી મૂળ ભારતીય વંશની વ્યક્તિઓ કે જેઓએ પાકિસ્તાન, બર્મા, શ્રીલંકા તથા પૂર્વ આફ્રિકાના દેશો જેવાં કે, કેન્યા, યુગાન્ડા, યુનાઈટેડ રિપબ્લિક ઓફ ટાન્ઝાનિયા, ઝામ્બિયા, માલાવી, ઝૈર, ઈથિયોપિયા અને વિયેટનામ વગેરે દેશોમાંથી સ્થળાંતર કર્યું હોય.

♦ (ii), (iii) અને (iv) ની કક્ષામાં આવતા ઉમેદવારોએ તેમની તરફેણમાં ભારત સરકારે આપેલ યોગ્યતાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

♦ નેપાળના ગુરખા ઉમેદવારોની બાબતમાં યોગ્યતાના પ્રમાણપત્રની જરૂર રહેતી નથી.

❑ **વયમર્યાદા :** ઉમેદવારની ઉંમર ૧૯ થી ૨૫ વર્ષની હોવી જોઈએ એટલે કે, તેઓ તા. ૨-૧-૧૯૮૬ પહેલાં અને તા. ૧-૧-૧૯૯૨ પછી જન્મેલા ન હોવા જોઈએ.

♦ એન. સી. સી. 'સી' પ્રમાણપત્ર ધરાવતાં ઉમેદવારો શોર્ટ સર્વિસ કોર્સ (નોન ટેક્નિકલ) માટે ઓફિસર્સ ટ્રેનિંગ એકેડેમી, ચેન્નાઈ ખાતે ચાલતા એસ. એસ. બી.માં સીધા હાજર થઈ શકે તે માટે નીચેના ધોરણો રહેશે.

♦ **શૈક્ષણિક લાયકાત :** ઉમેદવાર માન્ય યુનિવર્સિટીની ડિગ્રી અથવા સમકક્ષ લાયકાત ધરાવતા હોવા જોઈએ જેમાં તમામ વર્ષોની ગણતરી કરતાં ઓછામાં ઓછા કુલ ૫૦ ટકા ગુણ હોવા જોઈએ.

♦ **એન. સી. સી.માં સેવા :** ઉમેદવારોએ એન. સી. સી.ના સિનિયર ડિવિઝનમાં ઓછામાં ઓછા બે વર્ષ સુધી સારી રીતે ફરજ બજાવેલી હોવી જોઈએ.

♦ **વર્ગ :** ઉમેદવારે એન.સી.સી. 'સી' પ્રમાણપત્ર પરીક્ષામાં ઓછામાં ઓછો 'બી' વર્ગ મેળવેલ હોવો જોઈએ.

❑ **યુદ્ધમાં માર્યા ગયેલા જવાનોના આશ્રિતો માટે :**

♦ દિવંગત જવાનના સંતાનોએ એન.સી.સી.નું 'સી' પ્રમાણપત્ર મેળવવાની તેમજ એન.સી.સી.માં સેવા બજાવી હોય તે જરૂરી નથી.

♦ દિવંગત જવાનોના સંતાનોએ તેમની અરજી સીધી જ **Addl. Dte. Gen of Recruiting, Recruiting NCC Entry, West Block-III, R. K. Puram, New Delhi-110 066** ને મોકલી આપવી. તેઓના માટે અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫-૯-૨૦૧૦ છે.

♦ અરજી સાથે, જવાનના માર્યા જવાની/ઘાયલ થવાની કે ગુમ થવાની જાણ કરતો પત્ર સાંસદ/ડાયરેક્ટર/સંબંધિત રેજીમેન્ટલ સૂત્રો પાસેથી પ્રાપ્ત થયો હોય તે અને ઘાયલ જવાનની સારવાર કરી હોય તેમના દ્વારા ભાગ-૨માં જાહેર કરવામાં આવ્યું હોય કે તેમનું મૃત્યુ યુદ્ધમાં થયું છે તેની નકલ અરજી સાથે જોડવાની રહેશે.

♦ માર્યા ગયેલા જવાનોના આશ્રિતોમાં પુત્ર, પુત્રી, કાયદેસર દત્તક લેવાયેલા સંતાનોનો સમાવેશ થાય છે.

♦ માર્યા ગયેલા જવાન એટલે, ફરજ દરમ્યાન મૃત્યુને ભેટ્યા હોય, ગંભીર ઈજા થવાથી મૃત્યુ પામ્યા હોય (જાતે ઈજા પહોંચાડવાના કિસ્સા સિવાય), ઈજા થવાથી કે ઘાયલ થવાથી (સ્વયં ઈજા પહોંચાડવાના કિસ્સા સિવાય), ગુમ થયા હોય.

♦ અન્ય શરતો અને યોગ્યતા જાહેરાતમાં દર્શાવ્યા મુજબ રહેશે.

❑ **પસંદગીની પદ્ધતિ :**

♦ નિયત નમૂના પ્રમાણેની બધી અરજીઓ પોતાના રાજ્યના એન. સી. સી., હેડક્વાર્ટર્સ ડી. જી. દ્વારા ભરતી નિયામક (એન. સી. સી. એન્ટ્રી) ને મોકલી આપવી. એન.સી.સી. યુનિટ્સ/ગ્રુપ હેડક્વાર્ટર્સ દ્વારા પણ આવી અરજીઓ સ્ટેટ ડાયરેક્ટરેટ મારફતે ડી.જી. એન.સી.સી. (હેડક્વાર્ટર્સ) ને મોકલી શકાશે.

♦ બધા ઉમેદવારોનુ તારવણીનું કાર્ય પૂરૂં થયા પછી ભરતીના એન.સી.સી. ડાયરેક્ટર અને ડાયરેક્ટર જનરલ આર્મી હેડક્વાર્ટર્સ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરાશે. ઉમેદવારને એસ.એસ.બીના ઇન્ટરવ્યૂ માટે કોઇ પણ પસંદગી કેન્દ્ર ખાતેથી કોલ લેટર પ્રાપ્ત ન થાય તો તેઓએ માની લેવાનુ રહેશે કે તેઓની અરજી નિયત છેલ્લી તારીખ પછી પ્રાપ્ત થઇ હશે અથવા અયોગ્ય માલૂમ પડેલ હશે અને ઉમેદવારોના આ બાબતના પત્રવ્યવહારને પ્રોત્સાહન અપાશે નહીં.

♦ આર્મી હેડક્વાર્ટરના ભરતીના એડીશનલ ડાયરેક્ટર જનરલ દ્વારા તારવણીનો અને એસ. એસ. બી.ને અરજીઓ મોકલવાની બાબતનો નિર્ણય આખરી ગણાશે. પસંદગી કેન્દ્ર ખાતે આવ્યા પછી ઉમેદવારોએ પ્રથમ તબક્કાની કસોટીમાંથી પસાર થવાનું રહેશે, અને તેમાં અસફળ રહેલા ઉમેદવારોને તે જ દિવસે પાછા મોકલી આપવામાં આવશે અને સફળ થયેલા ઉમેદવારોને ગ્રુપ ટેસ્ટ, સાઈકોલોજિકલ ટેસ્ટ અને ઈન્ટરવ્યૂ માટે રોકવામાં આવશે, જે પાંચ દિવસ સુધી લંબાવી શકાશે.

♦ એસ.એસ.બી. દ્વારા ભલામણ થયેલ ઉમેદવારોએ તબીબી પરીક્ષા આપવાની રહેશે. એસ.એસ.બી. દ્વારા ભલામણ થયેલા ઉમેદવારો કે જેઓ તબીબી રીતે યોગ્ય જણાયા હશે તેમને મેળવેલ લાયકાત ગુણના આધારે નિમણૂક અપાશે. ઈન્ટરવ્યૂ સમયે રહેવાનું અને જમવાનું એસ.એસ. બી. દ્વારા વિનામૂલ્યે આપવામાં આવશે.

❑ **તબીબી પરીક્ષણ :**

સર્વિસ સિલેકશન બોર્ડના ઈન્ટરવ્યૂ પછી પસંદગી પામેલ ઉમેદવારનું તબીબી સેવા અધિકારીઓના બોર્ડ (સ્પેશ્યલ મેડિકલ બોર્ડ) દ્વારા તબીબી પરીક્ષણ કરવામાં આવશે. અનફિટ જાહેર થયા હોય તેવા ઉમેદવારોને મેડિકલ બોર્ડના પ્રમુખ દ્વારા રીમેડિકલ/અપીલ મેડિકલ બોર્ડની વિનંતીની પ્રક્રિયાની જાણ કરાશે. જે ઉમેદવારો ''અનફિટ'' જાહેર થયા હશે તેમને સલાહ આપવામાં આવે છે કે રીમેડિકલ/અપીલ મેડિકલ માટેની વિનંતી મેડિકલ બોર્ડે આપેલ તારીખ સુધી રાહ જોયા સિવાય વેળાસર કરી લેવી અને તેના એક દિવસ બાદ રિવ્યૂ મેડિકલ બોર્ડ (RMB) માટે વિનંતી કરવી. એડિશનલ ડાયરેક્ટર જનરલ રિક્રૂટિંગ હસ્તકના ડાયરેક્ટર જનરલ, મેડિકલ સર્વિસ દ્વારા નક્કી કરાયેલ ધોરણે સ્વીકારાયેલા ઉમેદવારોને જ તબીબી રીતે સજ્જ ગણવામાં આવશે. જગાની ઉપલબ્ધતા અને ગુણવત્તાયાદી મુજબ ઉમેદવારોને નિમણૂક આપવામાં આવશે. એસ. એસ. બી.ના ઈન્ટરવ્યૂમાં હાજર થતાં પહેલાં ઉમેદવારોએ કાનનો મેલ, ચામડીનો ચેપી રોગ, રીફ્રેક્ટરી ઈરર ઓફ આઈની પ્રાથમિક તબીબી ચકાસણી કરાવી લેવી.

♦ **પ્રવાસ ભથ્થું :** પ્રથમ વખત એસ. એસ. બી.ના ઈન્ટરવ્યૂ માટે ઉપસ્થિત થતા ઉમેદવારોને આવવા-જવા માટે બીજા વર્ગનું સ્લીપરની કક્ષાનું રિઝર્વેશન-કમ-સ્લીપરના સમાવેશ સાથે રેલવે અથવા બસનું ભાડું આપવામાં આવશે.

❑ **શારીરિક યોગ્યતા :**

♦ **વજન અને ઊંચાઈ :** સ્વીકાર્ય ઊંચાઈ ઓછામાં ઓછી ૧૫૭.૫ સે.મી. અને નીચે આપેલા કોઠા પ્રમાણેના વજનમાં ૧૦ ટકા વધઘટ સ્વીકાર્ય રહેશે. ઉમેદવાર સશક્ત બાંધાના હોવા જોઈએ.

પુરૂષો માટે ઉંચાઈ અને વજનનું ધોરણ નીચે મુજબ રહેશે.

♦ **દૃષ્ટિનું ધોરણ :** મહત્તમ સ્વીકાર્ય ધોરણ - દૂરની દૃષ્ટિ (સુધારેલ) સારી આંખ ૬/૬, - નાદુરસ્ત આંખ ૬/૧૮. -૩.૫૦ થી વધુ પુરૂષ માટે અને મહિલાઓ માટે -૫.૫૦ થી વધુ ટૂંકી દૃષ્ટિ ન હોવી જોઈએ. દૃષ્ટિ સુધારવા જેમણે રેડિયલ કેરાટોટોમી કરાવેલ હશે તેઓને કાયમી ધોરણે રદ કરવામાં આવશે. લેસર સર્જરી કરાવેલ ઉમેદવાર પણ સંરક્ષણ સેવા માટે સ્વીકાર્ય નથી. (સિવાય કે તે માટેના જરૂરી માપદંડો ઉમેદવાર પૂર્ણ કરતો હોય) ઉમેદવાર સારૂં શારીરિક અને માનસિક આરોગ્ય ધરાવતા હોવા જોઈએ અને ફરજ કાર્યક્ષમ બજાવવામાં વિઘ્નરૂપ થાય એવી કોઈપણ ક્ષતિથી મુક્ત હોવા જોઈએ.

❑ **શારીરિક સજ્જતાનું ધોરણ :**

ઉમેદવારો કસરતો દ્વારા તેઓને શારીરિક રીતે ચુસ્ત રાખે જેથી ઓફિસર ટ્રેનિંગ એકેડેમી ખાતેની સખત શારીરિક તાલીમ દરમિયાન ઈજાથી દૂર રહી શકાય. ઉમેદવારોએ નીચેની રમતોમાં નિર્દિષ્ટ ધોરણો પ્રાપ્ત કરવાના રહેશે.

- ૨.૪ કિ. મી. દોડ - ૧૫ મિનિટ
- પુશ અપ્સ - ૧૩
- ઉઠક - બેઠક - ૨૫
- સૂર્યનમસ્કાર - ૬
- રસ્સા ચઢ - ૩-૪ મીટર

❑ **તાલીમ :**

ઓટીએ, ચેન્નાઈ ખાતે ઉમેદવારોએ આશરે ૧૧ મહિનાની તાલીમ લેવાની રહેશે. સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કરનાર કેડેટને લેફ્ટનન્ટની રેંકમાં કમિશન મંજૂર કરવામાં આવશે. ઓટીએમાંથી જેન્ટલમેન કેડેટસ તરીકે પાસ થયેલા ઉમેદવારોને આર્મ્સ/સર્વિસીઝમાં અંતિમ નિમણૂક માટે અગ્રતા અપાશે.

❑ **સેવાની શરતો :**

♦ **અજમાયશી સમયગાળો :** ઉમેદવારને કમિશન મળશે તે તારીખથી પ્રોબેશનનો સમય ૬ માસનો રહેશે. અજમાયશી સમયગાળા દરમિયાન ઉમેદવાર અયોગ્ય માલૂમ પડશે તો તેમની સેવા સમાપ્ત કરાશે.

♦ **નિમણૂક :** શોર્ટ સર્વિસ કમિશન અપાયેલ ઉમેદવારોને ભારતમાં કે ભારત બહાર કોઈપણ સ્થળે નિમણૂક અપાશે.

♦ **નિમણૂકનો સમયગાળો અને બઢતી :** ઉમેદવારોનું નિયમિત આર્મીમાં શોર્ટ સર્વિસ કમિશન દસ વર્ષ માટે મંજૂર કરાશે. જે વધુ ચાર વર્ષ લંબાવી શકાશે.

❑ **ગ્રેજ્યુઈટી :** પાંચ વર્ષના એસએસસી સેવાકાળ બાદ નિવૃત્ત થતાં અધિકારીને દર છ માસના પુરા સમયની સર્વિસ માટે દર માસના અડધા પગાર જેટલી એકત્ર થયેલી અંતિમ ગ્રેજ્યુઈટી ચુકવી છૂટા કરવામાં આવશે.

❑ **બાકી જવાબદારી :** એસએસસીઓ તરીકે પાંચ વર્ષનો કાર્યકાળમાં જો કોઈ વધારો કરવામાં આવ્યો હોય તો તેના પાંચ વર્ષ અથવા ૪૦ વર્ષની ઉંમર બંનેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી લશ્કરમાં નોકરી કરવાની અનામત જવાબદારી ધરાવે છે.

❑ **પગાર, ભથ્થાં અને અન્ય લાભો :**

તાલીમ દરમ્યાન ઉમેદવારને પ્રતિમાસ રૂા. ૨૧,૦૦૦ (રૂા. ૧૫૬૦૦ પગાર+રૂા. ૫૪૦૦ ગ્રેડ પે) મળવાપાત્ર છે. તાલીમ પૂર્ણ થયે ઉમેદવારને લેફ્ટનન્ટની રેંકમાં રૂા. ૧૫,૬૦૦-૩૯,૦૦૦નું પગારધોરણ+ રૂા. ૫૪૦૦ ગ્રેડ પે+ રૂા. ૬૦૦૦ મીલીટરી સર્વિસ પે તથા ડી.એ., ટી.એ., સુવિધા સાથે આવાસ, મફત તબીબી સુવિધા, એલટીસી, ૬૦ દિવસની વાર્ષિક અને ૨૦ દિવસની પરચુરણ રજા, કેન્ટીન, હોદ્દા મુજબ રાશન તેમજ નિમણૂંકના સ્થળને અનુરૂપ અન્ય લાભો મળી શકશે. ➔

➔

❑ **વીમો :**

♦ ઓ. ટી. એ. ખાતે કમિશન પૂર્વેની તાલીમમાં પસંદગી પામેલ તમામ ઉમેદવારોનો રૂા. ૩૦ લાખનો વીમો ઉતારવામાં આવશે.

❑ **ઈન્ટરવ્યૂની તારીખમાં ફેરફાર :**

♦ એસ. એસ. બી.ના ઈન્ટરવ્યૂની તારીખમાં ફેરફારની ઉમેદવારની વિનંતી ગ્રાહ્ય રખાશે નહીં સિવાય કે કાબુ બહારના સંજોગોમાં ઉમેદવાર દ્વારા ઈન્ટરવ્યૂની તારીખમાં ફેરફારની વિનંતી કરાશે તો ગ્રાહ્ય રખાશે. પરંતુ આના સમર્થનમાં ઉમેદવારોએ રાજ્યપત્રિત અધિકારીનું પ્રમાણપત્ર એસ. એસ. બી.ના ઈન્ટરવ્યૂ માટે જે સિલેકશન સેન્ટરનો કોલ લેટર આવ્યો હોય તે કેન્દ્ર ખાતે રજૂ કરવાનું રહેશે અને એડિશનલ ડાયરેકટર રિક્રૂટિંગને મોકલવું નહીં.

♦ એસ. એસ. બી.ના ઈન્ટરવ્યૂની તારીખે ઉપસ્થિત નહીં રહેવા બદલ ચોક્કસ કારણ રજૂ કરવામાં નિષ્ફળ જશે તેવા ઉમેદવારોને અન્ય તારીખ ફાળવવામાં આવશે નહીં.

♦ ઉમેદવારની ઈન્ટરવ્યૂનું કેન્દ્ર બદલવાની વિનંતી કોઈપણ સંજોગોમાં ગ્રાહ્ય રખાશે નહીં.

❑ **અરજી કેવી રીતે કરશો ?**

♦ ઉમેદવારોએ જાહેરખબરમાં આપવામાં આવેલ અરજીપત્રકના નિયત નમૂના પ્રમાણે સાદા કાગળ ઉપર ટાઈપ કરાવીને અરજી કરવી.

♦ ઉમેદવારોએ તેમની અરજી નજીકના ઓ.સી., એન.સી.સી. યુનિટને અથવા એન.સી.સી.નું "સી" પ્રમાણપત્ર જ્યાંથી આપવામાં આવેલ હોય તે એન. સી. સી. યુનિટને ટપાલથી **તા. ૧૦-૮-૨૦૧૦**ના રોજ કે તે પહેલાં મોકલી આપવી.

♦ જે ઉમેદવારો સશસ્ત્ર દળોમાં નોકરી કરતા હોય તેઓએ પોતાની અરજી કમાન્ડિંગ ઓફિસર પાસે સામી સહી કરાવીને, જ્યાંથી એન. સી. સી. 'સી' પ્રમાણપત્ર આપવામાં આવ્યું હોય તે ઓ. સી., એન. સી. સી. યુનિટને મોકલી આપવી અને તેની એડવાન્સ નકલ સીધેસીધી **DG NCC West Block-IV, R.K. Puram, New Delhi-110066** ને મોકલી આપવી.

♦ તમામ એન. સી. સી. યુનિટો અરજીઓ સંબંધિત રાજ્યના ડી.ડી.જી., એન. સી. સી.ને મોકલી આપશે.

♦ ડી.ડી.જી., એન. સી. સી. તમામ અરજીઓની પ્રક્રિયા હાથ ધરશે અને અરજીઓને ડાયરેકટર જનરલ એન. સી. સી.ને મોકલી આપશે.

♦ **NCC Bn/Gp HQ** ખાતે અરજી સ્વીકારવાની છેલ્લી **તારીખ ૧૦-૮-૨૦૧૦** છે.

❑ **અગત્યની સુચના :**

♦ કામચલાઉ ધોરણે આપવામાં આવેલ ડિગ્રી પ્રમાણપત્ર/માર્કશીટ કે જેમાં દરેક વર્ષના કુલ ગુણ તથા મેળવેલ ગુણનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો ન હોય તો, તેવા કિસ્સામાં યુનિવર્સિટી/ કોલેજના પરીક્ષા નિયંત્રક/આચાર્યની સહીવાળુ એવું પ્રમાણપત્ર અરજી સાથે જોડવું કે જેમાં જણાવ્યું હોય કે **"Mr./Miss ................................ has obtained .............. marks out of ........................ marks as aggregate in the Degree examinations taking all the year marks into account"** જો આ પ્રકારનું પ્રમાણપત્ર અરજી સાથે બીડવામાં નહિ આવ્યું હોય તો અરજી રદ કરાશે.

♦ તાલીમ સમય દરમ્યાન પુરૂષ/મહિલા ઉમેદવારોને લગ્ન કરવાની મંજુરી નથી તેમજ માતા-પિતા/વાલી સાથે રહેવાની પણ છૂટ મળશે નહિ. જ્યાં સુધી તાલીમ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઉમેદવાર લગ્ન કરી શકશે નહિ. અરજી કર્યા બાદ તરત લગ્ન કરનાર ઉમેદવાર જો પસંદગી પામ્યા હશે તો પણ નિમણૂક આપવામાં નહિ આવે. તાલીમ દરમ્યાન લગ્ન કરનાર ઉમેદવારને તાલીમમાંથી છૂટા કરવામાં આવશે. તેમજ ઉમેદવાર પાછળ સરકારે ખર્ચેલ રકમ પરત વસુલ કરવામાં આવશે.

♦ જે ઉમેદવારોને એનડીએ, આઈએમએ, ઓટીએ અથવા અન્ય સર્વિસ ટ્રેઈનીંગ એકેડેમીમાંથી શિસ્તના ધોરણે દૂર કરવામાં આવ્યા હોય તેઓ આર્મીમાં કમિશન માટે લાયકાત ધરાવતા નથી.

❑ **અમાન્ય અરજીપત્રકો :**

**નીચે દર્શાવેલ ભૂલો અરજીપત્રકમાં માલૂમ પડશે તો તેવી અરજી રદબાતલ કરાશે.**

- ફોટોગ્રાફ પ્રમાણિત કરાયેલ ન હોય.
- ઉમેદવાર ૫૦ ટકા કરતા ઓછા ટકા ધરાવતા હોય.
- કોઈપણ રીતે અધૂરી, જરૂરી પ્રમાણપત્રો વગરની અરજી.
- મેટ્રિક્યુલેશન અથવા તેના સમકક્ષ પ્રમાણપત્રમાં અથવા ડિગ્રી પ્રમાણપત્રમાં દર્શાવેલ નામ અને અરજીમાં દર્શાવેલ નામના સ્પેલિંગમાં ફેરફાર હશે.
- પ્રમાણપત્રો પ્રમાણિત ન કરાયેલા હોય તો.
- વયના પુરાવા માટે મેટ્રિક અથવા તેના સમકક્ષ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ સામેલ ન હોય તો.
- નિયત છેલ્લી તારીખ બાદ મળેલ અરજી.
- જે ઉમેદવારો એક કરતા વધુ અરજીપત્રકો રજૂ કરશે.
- ઉમેદવાર દ્વારા ખોટી, ગેરમાર્ગે દોરનારી, તથા માહિતી છૂપાવવી વગેરે કિસ્સા ભરતીના કોઈપણ તબક્કે માલૂમ પડશે તો તેવા ઉમેદવારની ઉમેદવારી રદબાતલ કરાશે.

**ઉમેદવારોએ જાહેરાત સંબંધિત પૂછપરછ માટે રિક્રૂટિંગ ડાયરેકટરનો ટેલિફોન નં. (૦૧૧) ૨૬૧૭૩૨૧૫ અને માહિતી માટે ૨૬૧૭૫૪૭૩ અને ફેક્સ નં. ૨૬૧૯૬૨૦૫ અને ૨૬૧૦૦૩૮૮ ઉપર સંપર્ક કરવો.**

**વેબસાઈટ : www.joinindianarmy.nic.in નામની વેબસાઈટ જોવી.**

## APPLICATION FOR SHORT SERVICE COMMISSION IN THE ARMY THROUGH NCC SPECIAL ENTRY SCHEME 29th COURSE, APRIL-2011

Affix recent pass port size self attested Photograph

1. Full Name (In Capitals) : ..............................................................................................
   (As per Matriculation/equivalent Certificate)
2. Father's Name (In Capitals) : ..........................................................................................
3. Date of Birth : ..............................................................................................................
4. Are you applying under the category of Ward of Battle Casualties ?
   Write Yes or No ..................................................................................
5. Postal Address, with Telephone Number at which interview call letter is to be sent
   ..............................................................................................................
   Dist ......................... State .......................... Pin Code .............. E-mail ID ..........
6. Permanent Address : ...................................................................................................
   Dist ......................... State .......................... Pin Code .............. E-mail ID ..........
7. Nationality : (a) Indian .................................. Yes/No.
   (b) Migrated from (If not Indian) ..........................................
8. Qualification : (a) Aggregate marks in Graduation Exam.
   (i) I Yr Marks obtained ..................................................... Out of ................................
   (ii) II Yr Marks obtained .................................................... Out of ................................
   (iii) III Yr Marks obtained .................................................. Out of ................................
   Total 3 Yrs aggregate marks .................................... Out of ..................................
   Percentage of aggregate marks ...............................................................................
   (b) Grading in NCC 'C' Certificate ........................................................................
   (c) Discharge from NCC ......................................................................................
9. Sex -Male/Female
10. Marrital status [ ] write 1, if married write 2, if married.
11. **Details of all previous interview in all three services (Write NA if not appeared earlier) :**

| Type of Commission i. e. NDA, TES, IMA, TGC, SSC, UES or any other | Selection Centre | Batch/ Chest No. | Date of Reporting at SSB | If recommended write 'R' If screened out write 'S/O' If not recommended write 'NR' |
|---|---|---|---|---|

10. **Documents to be attached** (No originals please)

**(a)** Marksheets of Graduation Exam (all years along with provisional/degree certificate) attested by Class I Gazetted Officer. **(b)** NCC 'C' Certificate duly attested **(c)** Class X Certificate (with Date of Birth) duly attested. **(d)** In the case of Wards of Battle Casualties, attested copies of documents in supports thereof.

### DECLARATION

1. I hereby declare that all the statements made in the application are true to the best of my knowledge and belief.
2. I will not avail any SSB interview for the same course [SSC (NT)-93] and SSC (NT) Women 7th JAG Entry-06 as CDSE candidate for OTA Commencing in April 2011.
3. I have never been withdrawn from NDA, IMA, OTA or any other service training academy on disciplinary grounds/debarred from appearing at any examination nor have I ever been arrested, prosecuted or convicted by criminal court or involved in any other case registered by the Police.
4. I undertake not to make any claim for compensation if at any stage of my selection, my ineligibility for the candidature is detected and my candidature is cancelled as a result thereof.
5. This is the only application submitted by me of NCC Entry (Short Service Commission) and if any duplicate application is detected, my candidature be cancelled and I may be debarred permanently from applying for commission in the Armed Forces.
6. Any wilful misrepresentation of facts or concealment of information will result in cancellation of my candidature and may also debar me either permanently or for a specified period from applying for future courses.

Yours faithfully,
**Signature of Candidate**

Place :
Date :

**COUNTER SIGNATURE**
Cde
NCC Gp HQ

●

# ભારતીય સંરક્ષણ દળ

## કાયદા સ્નાતક મહિલા માટે અધિકારી બનવાની તક

### કાયદાના સ્નાતકો માટે શોર્ટ સર્વિસ કમિશન (NT) કોર્સ-એપ્રિલ-૨૦૧૧

**ભારતીય સૈન્યમાં જજ એડવોકેટ જનરલ ડિપાર્ટમેન્ટમાં શોર્ટ સર્વિસ કમિશનની ગ્રાન્ટ માટે કાયદાની સ્નાતક એવી ભારતીય અપરીણિત મહિલા ઉમેદવારો પાસેથી અરજીઓ મગાવામાં આવે છે.**

**અરજી સ્વીકારવાની છેલ્લી તા. ૨૦-૦૮-૨૦૧૦**

**જગાની સંખ્યા : ૧૦**

❑ **રાષ્ટ્રિયતા :** ભારતીય

❑ **વયમર્યાદા :** ૨૧ થી ૨૭ વર્ષ (તા. ૦૨-૦૧-૧૯૮૪ પહેલાં અને તા. ૦૧-૦૧-૧૯૯૦ બાદ જન્મેલા ન હોવા જોઈએ).

❑ **શૈક્ષણિક લાયકાત :**

➢ એકંદર કુલ ૫૫ ટકા ગુણ સાથે કાયદાના સ્નાતક (સ્નાતક બાદ ત્રણ વર્ષનો અથવા ૧૦+૨ પરીક્ષા બાદ પાંચ વર્ષનો વ્યવસાયિક અનુભવ.)

➢ ઉમેદવાર એડવોકેટ તરીકે નોંધાઇ શકવાની લાયકાત ધરાવતા હોવા જોઈએ.

❑ **પસંદગી પ્રક્રિયા :** પસંદગી પ્રક્રિયા નીચે દર્શાવ્યા મુજબ રહેશે.

➢ અરજીઓ મળ્યા બાદ રિક્રૂટિંગ ડાયરેકટોરેટ આર્મી હેડ ક્વાર્ટર્સ દ્વારા પ્રાથમિક તારવણી કરવામાં આવશે. ADG રિક્રૂટિંગનો નિર્ણય અંતિમ ગણાશે. આ બાબતે કોઈપણ રજૂઆત વિચારણામાં લેવાશે નહીં.

➢ પ્રાથમિક તારવણી બાદ યોગ્ય ઠરેલા ઉમેદવારોએ સર્વિસ સિલેકશન બોર્ડ સમક્ષ નિર્ધારિત તારીખે ઉપસ્થિત થવાનું રહેશે. પાંચ દિવસ સુધી ઉમેદવારોની વિવિધ કસોટીઓ જેવી કે ગ્રુપ ટેસ્ટસ, મનોવૈજ્ઞાનિક કસોટી અને ઈન્ટરવ્યૂ લેવામાં આવશે. ઉમેદવાર એસએસબી સમક્ષ ઉપસ્થિત થાય તે દિવસ પછીના પાંચ દિવસ ગણવાના રહેશે.

➢ સર્વિસ સિલેકશન બોર્ડ સમક્ષ યોગ્ય ઠરેલા ઉમેદવારો ત્યારબાદ મેડિકલ બોર્ડ દ્વારા પણ તબીબી રીતે સુસજ્જ જણાશે તો તેમની મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. ઉમેદવારોની અંતિમ પસંદગી તે સમયે ખાલી જગાઓની સંખ્યાને આધારે મેરીટ પ્રમાણે ભરવામાં આવશે.

➢ **બે તબક્કાની પસંદગી પ્રક્રિયા :** સાયકોલોજીકલ એપ્ટિટ્યૂડ ટેસ્ટ આધારિત બે તબક્કાની પસંદગી પ્રક્રિયા સર્વિસ સિલેકશન બોર્ડ દ્વારા અપનાવવામાં આવશે. ઉમેદવાર એસ.એસ.બી. સમક્ષ ઉપસ્થિત થાય તે દિવસે પ્રથમ તબક્કાની પરીક્ષા લેવાશે. પ્રથમ તબક્કામાં નિષ્ફળ જનાર ઉમેદવારોને તે જ દિવસે પરત મોકલવામાં આવશે. બાકીના ઉમેદવારો બીજા તબક્કામાં પ્રવેશશે.

➢ બીજા તબક્કાની પરીક્ષા પાસ કરનાર ઉમેદવારોએ એસ.એસ.બી. સમક્ષ જન્મ તારીખ દર્શાવતું મેટ્રિક્યુલેશન સર્ટિફિકેટ, ડિગ્રી અથવા કામચલાઉ ડિગ્રી પ્રમાણપત્ર (દરેક વર્ષ/ભાગ/સેમિસ્ટરની માર્કશીટ અસલમાં અને એક પ્રમાણિત નકલ સાથે) રજૂ કરવાના રહેશે.

❑ **તબીબી પરીક્ષા :**

➢ એસ.એસ.બી. દ્વારા ભલામણ કરવામાં આવેલ ઉમેદવારોએ ત્યારબાદ સર્વિસ મેડિકલ ઓફિસર્સના બોર્ડની તબીબી ચકાસણીમાં પાસ થવાનું રહેશે.

➢ સ્પેશીયલ મેડિકલ બોર્ડ (SMB) દ્વારા ફીટ જાહેર કરવામાં આવેલા ઉમેદવારોને જ એકેડેમીમાં પ્રવેશ આપવામાં આવશે.

➢ અનફીટ જાહેર થયેલા ઉમેદવારોને (SMB) ના પ્રેસિડન્ટ દ્વારા વિધિવત જાણ કરવામાં આવશે. પુનઃસમીક્ષા માટે અપીલ મેડિકલ બોર્ડ (AMB) સમક્ષ જવા માટે ઉમેદવારને જણાવવામાં આવશે. આવી અપીલSMB પછીના ૪૨ દિવસમાં કરવાની રહેશે. AMB પૂર્ણ થયા બાદ એક જ દિવસમાં રિવ્યૂ મેડિકલ બોર્ડ (RMB) ની માગણી કરવાની રહેશે.

➢ ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કેAMB માટે રિક્રૂટિંગ ડાયરેકટોરેટની કોઈ ભૂમિકા નથી. RMB માત્ર DGAFMS આધારિત ગુણવતાના ધોરણો અંગે જે તે કેસમાં માત્ર નિર્દેશ આપી શકે છે તે સિવાય તેની પાસે કોઈ અધિકાર નથી.

➢ ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે કે તબીબી પરીક્ષા પૂર્વે તેમના કાન વેક્સ વડે સાફ કરાવી લે.

➢ એસ.એસ.બી.ના ઈન્ટરવ્યૂ પૂર્વે ખામીયુક્ત કલર વિઝન, વધુ વજન/ઓછું વજન, ઓછી છાતી, હરસ-મસા, ગાયનેકોમેસ્ટીયા, ગળાના કાકડા અંગે ચેકઅપ કરાવી લેવું.

❑ **શારીરિક ધોરણ :**

➢ ઓછામાં ઓછી ઉંચાઈ ૧૫૭.૫ સે.મી. હોવી જોઈએ.

❑ **તાલીમ અને ભવિષ્યની તક :**

➢ **તાલીમનો સમયગાળો :** ઓટીએ, ચેન્નાઈ ખાતે અંદાજે ૧૧ માસની તાલીમ લેવાની રહેશે. સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કર્યા બાદ ઉમેદવારોને લેફટનન્ટની રેંકમાં કમિશન આપવામાં આવશે.

➢ એન્ટી ડેટ સિનિયોરીટી ધ્યાનમાં લેવાશે નહીં.

➢ **નિમણૂક :** એસએસઓ તરીકે પસંદ થયેલા ઉમેદવારે ભારતમાં અને વિદેશમાં ગમે ત્યાં ફરજ બજાવવાની રહેશે.

➢ **સૈન્યમાં રહેવાની સમય અવધિ :** અધિકારીઓએ સેનામાં પાંચ વર્ષ સેવા આપવાની રહેશે. ત્યારબાદ પ્રવર્તમાન ધારાધોરણ પ્રમાણે પરમેનન્ટ કમિશન આપવામાં આવશે.

➢ પરમેનન્ટ કમિશન માટે બિનપાત્ર ઠરેલા એસએસઓ જો શારીરિક રીતે ચૂસ્ત અને યોગ્ય જણાશે તો તેઓને સેનામાંથી છૂટા થવાની અંતિમ તારીખ બાદથી ૧૪ વર્ષ સુધી (જેમાં શરૂના પાંચ વર્ષનો સમાવેશ થઈ જાય છે) એસએસઓ તરીકે ચાલુ રહેવાનો વિકલ્પ આપી શકાશે.

❑ **પગાર ભથ્થાં અને અન્ય લાભો :**

➢ પસંદ થયેલા ઉમેદવારોને શરૂમાં લેફટનન્ટની રેંકમાં રૂા. ૧૫૬૦૦-૩૯૦૦૦ + ૫૪૦૦ ગ્રેડ પે + રૂા. ૬૦૦૦ મીલીટરી સર્વિસ પે સાથે પગાર ધોરણમાં રૂા. ૨૬૦૦૦ કમિશન આપવામાં આવશે.

➢ જેમાં મોંઘવારી ભથ્થાં સાથે અન્ય લાભો જેવા કે, રાહત દરે આવાસ સુવિધા, નિઃશુલ્ક તબીબી સેવા, એલટીસી, ૬૦ દિવસની વાર્ષિક અને ૨૦ દિવસની પરચૂરણ રજા, કેન્ટિન સુવિધા, સ્કેલ પ્રમાણે અનાજ મળવાપાત્ર છે.

➢ કમિશન પૂર્વેની તાલીમમાં જોડાયાના દિવસથી ઓટીએના જેન્ટલમેન કેડેટને આર્મી ગ્રુપ ઈન્સ્યોરન્સ હેઠળ રૂા. ૩૦ લાખનું વીમા કવચ મળવાપાત્ર છે.

➲

# APPLICATION FORMAT

**APPLICATION FOR JAG ENTRY 6TH COURSE - APRIL 2011**

**FOR JUDGE ADVOCATE GENERAL DEPT.**

Affix lstest self attested photograph

1. Indicate in the box percentage of aggregate marks of all years / semesters obtained in the qualifying examination ☐
2. Full Name (in Capitals) : ____________________
   (Strictly as per Matriculation/ Equivalent Certificate and there should be no deviation)
3. Father's Name (in Capital) : ____________________
4. Mother's Name (in capital) : ____________________
5. (a) Date of Birth : ____________ (b) Place of Birth : ____________
6. Postal Address at which Interview call letter is to be sent : ____________________
   ____________________
   Distt : ________ Stae : ________ Pin code : ________
   Tele : ____________ E-mail : ____________
7. Permanent Address : ____________________
   ____________________
   Distt : ________ Stae : ________ Pin code : ________
8. Nationality (a) Indian : ____________ Yes/No
   (b) Migrated from : ____________ (fill only if not indian)
9. Married : ____________ Yes/No
10. Education Qualification

| Qualification Matriculation Onwards with Branch of LLB Degree | Name of Institution | Year of Passing | Division | Year or Semester wise Marks obtained/out of | % Percentage |
|---|---|---|---|---|---|

11. Legal experience/Details of enrolment as advocate (if any) :
    ____________________
12. Details of Previous interviews if any, (write NA if not appeared earlier) :

| Type of commission i.e. SSC or any other type of Commission | Selection, Centre | Batch/ Chest No. | Date of Reporting SSB | If recommended write 'R' If screened our write 'S/o' If not recommended write 'NR' |
|---|---|---|---|---|
| | | | | |

13. List of documents attached:-
    (a) ____________________
    (b) ____________________
    (c) ____________________

## DECLARATION

1. I hereby declare that all the statements made in the application are true to the best of my knowledge and belief.
2. I will not avail any SSB interview for the same course SSC (NT)-07, NCC (Spl) Entry-29 for course commencing in April-2011.
3. I have never been debarred form appearing at any examination nor have I ever been withdrawn from NDA/IMA/OTA on disciplinary grounds, nor have I ever been arrested, prosecuted or convicted by criminal court or involved in any other case registered by the police.
4. I undertake not to make any claim or compensation if at any stage of my selection, my ineligibility for candidature is detected any my candidature is cancelled as a result thereof.
5. This is the only application submitted by me for Judge Advocate General Dept/Short Service Commission and if any duplicate application is detected, my candidature be cancelled and I may be debarred permanently from applying for commission in the Armed Forces.
6. Any willful misrepresentation of facts and concealment of information will result in cancellation of my candidature and may also debar me either permanently or for a specified period from applying for future courses.

Place : ____________

Date : ____________ Signature of Candidate

- ઓટીએ તાલીમ દરમ્યાન વિકલાંગતા પ્રાપ્ત કરનાર ઉમેદવારને મેડિકલ બોર્ડ દ્વારા દૂર કરવાના કિસ્સામાં ૧૦૦ ટકા અપંગતા ધારણ કરનારને ૫૦ ટકા વીમા વળતર પેટે રૂા. ૧૫ લાખ, ૨૦ ટકા અપંગતાવાળાને રૂા. ૩ લાખ તથા તેનાથી ઓછી ક્ષતિવાળાને રૂા. ૨૦ હજાર ચૂકવવમાં આવશે.

**❑ મહત્વની સૂચનાઓ :**

- જે ઉમેદવારોને અગાઉ NDA, IMA, OTA અથવા અન્ય સર્વિસ ટ્રેઈનિંગ એકેડેમીમાંથી શિસ્તના ધોરણે છૂટા કરવામાં આવ્યા હોય તો તેમણે અરજી કરવી નહીં.
- એક કરતાં વધુ અરજી મોકલવાર ઉમેદવારને માત્ર આ જ કોર્સ માટે નહીં પરંતુ ભવિષ્યમાં પણ સેનામાં કમિશન માટે ગેરલાયક ઠરાવવામાં આવશે.
- ઉમેદવારને નિયત સમયમાં જે તે કેન્દ્ર તરફથી કોલઅપ લેટર ન મળે તો સમજવું કે તેમની અરજી નિયત સમય બાદ મળી હશે અથવા પ્રાથમિક તારવણીમાં નીકળી ગઈ હશે અથવા અસ્વીકાર્ય લાગી હશે.
- આ બાબતે કોઈપણ પત્રવ્યવહાર વિચારણામાં નહીં લેવાય.

**❑ અરજી કેવી રીતે કરશો ?**

- જાહેરાતમાં દર્શાવેલ નિયત નમૂના મુજબ ફૂલસ્કેપ કોરા કાગળમાં અરજી કરવાની રહેશે.
- અરજી સાથે સ્વયંના સરનામા લખેલ બે પોસ્ટકાર્ડ સારી રીતે બાંધી મોકલવા.
- જરૂરી લાયકાતના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ નિયત ક્રમમાં અરજી સાથે ટેગ વડે જોડવી. નકલો રાજ્યપત્રિત અધિકારી પાસે પ્રમાણિત કરાવવી.
- જન્મતારીખની સાબિતી માટે મેટ્રિક્યુલેશન પ્રમાણપત્ર (અન્ય આધારો વિચારણામાં નહીં લેવાય) લાયકાતની પરીક્ષા ડિગ્રી, કામચલાઉ પ્રમાણપત્રની નકલ, દરેક વર્ષના, ભાગના, સેમીસ્ટરની માર્કશીટની નકલ, તાજેતરમાં પડાવેલો ફોટોગ્રાફસ નિયત જગાએ ચોંટાડી રાજ્યપત્રિત અધિકારી પાસે પ્રમાણિત કરાવવો, એનસીસીનું ‘સી’ પ્રમાણપત્ર અથવા બહાદૂરીના પ્રમાણપત્ર અથવા રાષ્ટ્રકક્ષાએ રમત સ્પર્ધામાં ભાગ લીધો હોય તો તેનું પ્રમાણપત્ર પણ જોડવું.
- અધૂરાશવાળી, જરૂરી પ્રમાણપત્રો વિનાની, પ્રમાણિત નકલો વિનાની અરજીઓ રદ કરાશે.
- ડિગ્રી અંગેના કામચલાઉ પ્રમાણપત્રમાં એવું સ્પષ્ટ દર્શાવેલું હોવું જોઈએ કે ઉમેદવાર પરીક્ષામાં પાસ થઈ ગયો છે, માત્ર પ્રમાણપત્ર મળવાનું બાકી છે.
- **અરજી સાથે અસલ પ્રમાણપત્રો મોકલવાની જરૂર નથી.**
- અરજીઓ સફેદ પરબીડિયામાં મોકલવી. પરબીડિયા ઉપર **લાલ શાહીથી** ડાબી બાજુના ખૂણે "APPLICATION FOR SHORT SERVICE COMMISSION (NT) COURSE-WOMEN APRIL-2011 FOR JUDGE ADVOCATE GENERALS DEPARTMENT" ખાસ લખવું.
- **તમામ પ્રમાણપત્રો સાથે અરજીઓ રજીસ્ટર્ડ ટપાલથી નીચે દર્શાવેલ સરનામે તા. ૨૦-૦૮-૨૦૧૦ સુધીમાં મોકલી આપવાની રહેશે.**

**ADDITIONAL DIRECTORATE,
GENERAL OF RECRUITING,
Rtg CDSE ENTRY, AG'S BRANCH,
ARMY HQRS, WEST BLOCK-III,
R. K. PURAM, NEW DELHI-110 066.**

- કુરિયરથી મોકલવામાં આવેલી અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં.
- નિયત સમય બાદ મળેલી અરજીઓ રદ કરાશે.
- સરનામામાં ફેરફાર થાય તો તેની ડાયરેકટોરેટને તાત્કાલિક જાણ કરવી.
- સરકારી વિભાગોમાં કામ કરતાં કર્મચારીઓએ અરજી કરતા પૂર્વે ખાતાના વડાને લેખિતમાં જાણ કરવી.
- જો ખાતાના વડા દ્વારા એવું જણાવવામાં આવશે કે કર્મચારીએ અરજી કર્યાની જાણ કરી નથી તો તેમની અરજી અને ઉમેદવારી રદ કરાશે.
- અન્ય જાણકારી માટે રિક્રૂટિંગ ડાયરેકટોરેટનો ટેલિફોન નંબર **(૦૧૧) ૨૬૧૭૩૨૧૫ અને ફેક્સ નબર : ૨૬૧૯૬૨૦૫** અથવા **ઈ-મેઈલ : recruitingofficers@vsnl.net** અથવા **વેબસાઈટ : www.joinindianarmy.nic.in**નો સંપર્ક કરવો. ●

# ખેત પેદાશો આધારિત ઉદ્યોગ પ્રોજેક્ટ પ્રોફાઈલ

## ગોળ બનાવવાનો ઉદ્યોગ

**❑ ઉપયોગિતા :-**

આ ઉદ્યોગ જ્યાં શેરડીનું વાવેતર હોય ત્યાં સ્થાપી શકાય. શેરડીના રસમાંથી ગોળ બનાવી તેનો ઉપયોગ ખોરાકમાં થાય છે. આ ઉદ્યોગ વર્ષમાં છ માસ સુધી ચાલે. આ ઉદ્યોગ જ્યાં ખેતર હોય ત્યાં સ્થાપવામાં આવે છે.

**❑ બજાર અને બજારવ્યવસ્થા :-**

ગોળનો ઉપયોગ માણસના ખોરાકમાં તેમજ રસોઇમાં ગોળ મહત્વનો છે. ગોળ વિના રસોઇનો કોઇ સ્વાદ હોતો નથી. ગામડામાં મીઠાઇ બનાવવામાં પણ ગોળનો ઉપયોગ કરવામાં આવે છે. સ્થાનિક તથા હોલસેલ વેપારીનો સંપર્ક કરી બજાર વ્યવસ્થા ગોઠવવાની રહે.

**❑ ધારણાઓ :**

આ ઉદ્યોગ સીઝનમાં નવેમ્બરથી એપ્રિલ સુધી શેરડીના ખેતરે ઉદ્યોગ ચાલશે તેમ માનવામાં આવે છે, તેમજ ગોળ બનાવવા માટેનો અનુભવી માણસ રાખવો જોઇએ.

**❑ ઉત્પાદન પ્રક્રિયા :**

શેરડીને ક્રશરમાં પીલીને રસ કાઢી રસ અને છોતાં છૂટા પાડવામાં આવે છે. આ રસને એક કુંડામાં એકત્રિત કરી તાવડામાં ઉકાળવામાં આવે છે અને ઘટ્ટ થતાં ચોકીમાં ઢાળી તેના ચોસલાં બનાવવામાં આવે છે. અથવા ડબ્બામાં ભરવામાં આવે છે.

**સ્વરોજગાર માર્ગદર્શન**
**વિનોદ રાવ**

**❑ ઉત્પાદન ક્ષમતા :**

મશીનરીની ઉત્પાદન ક્ષમતા ૫૮૦૦ કિલો ગોળની ગણાય. પ્રથમ વર્ષમાં ૬૦ ટકા ઉત્પાદન ક્ષમતાનો વપરાશ ગણતાં ઉત્પાદન૩૦૦ કિલો/દિવસ ગણેલ છે. વાર્ષિક છ માસનું ઉત્પાદન ૩૦૦ કિલો x ૩૦ દિવસ x ૬ માસ = ૫૪,૦૦૦ કિલો ગણેલ છે.

**❑ પરવાના અંગેની ખાસ જરૂરિયાત :**

આ ઉદ્યોગ માટે કોઇ પરવાનાની જરૂરિયાત રહેતી નથી.

**❑ સ્થાયી મૂડી રોકાણ :**

**♦ જમીન / મકાન :**

આ ઉદ્યોગ જ્યાં ગોળ બનાવવાનો હોય ત્યાં સ્થળ ઉપર ભઠ્ઠી તથા ચિમની બાંધી ઉદ્યોગ ચાલુ કરી શકાય. આ માટે ગામ બહાર ૧૦૦૦ ચો.મીટર ખુલ્લી જગ્યા પુરતી થઇ રહે. જગ્યાની વ્યવસ્વથા અરજદાર પાસે હોવી જરૂરી છે.

**♦ પ્લાન્ટ / મશીનરી / સાધનો / ડાઇઝ ટુલ્સ વગેરે.**

| અનુ. નંબર | મશીનરીનું વર્ણન | સંખ્યા | કિંમત રૂા. |
|---|---|---|---|
| ૧. | રસ કાઢવાનું ક્રશર ૧૦ હો.પા.ના ડીઝલ એન્જિન સાથે | ૧ | ૨૫,૦૦૦ |
| ૨. | રસ રાખવા માટેની ટાંકી ૩’x૩’x૪’ | ૧ | ૨,૫૦૦ |
| ૩. | ગોળ પકાવવા માટેના તાવડા ૪’ વ્યાસના | ૪ | ૧૨,૦૦૦ |
| ૪. | ભઠ્ઠી બાંધકામ માટે | | ૧૦,૦૦૦ |
| ૫. | ગોળ ઢાળવાની ચોકીઓ | ૪ | ૬,૦૦૦ |
| ૬. | વજન કાંટો, વજનીયા વ. | | ૩,૦૦૦ |
| ૭. | ઓફિસ ફર્નિચર વ. | | - |
| ♦ | **કુલ સ્થાયી મૂડી રોકાણ :** | | ૬૨,૦૦૦ |

**♦ ચાલુ મૂડી (કાર્યકારી ભંડોળ) :**

| | |
|---|---|
| કાચો માલ જેવા કે શેરડી ૧/૨ માસની તથા એક માસનો પગાર અને પાવર ખર્ચ મળી કુલ | ૫૨,૦૦૦ |
| | ૧,૧૪,૦૦૦ |

**♦ કુલ મૂડી રોકાણ**

**♦ બેંક લોન (પ્લાન્ટ/મશીનરી/તથાકાર્યકારી ભંડોળ):**

બેંક લોન ૨ માસના મોરેટોરીયમ પીરિયડ બાદ ૬૦ માસિક હપ્તાથી ભરપાઇ કરવાની રહે. વ્યાજનો દર ૧૧.૫ ટકા ગણેલ છે. ૧,૧૪,૦૦૦

**♦ આવર્તક ખર્ચ ( ઉત્પાદન ખર્ચ ) માસિક :**

| | | |
|---|---|---|
| અ. | કાચોમાલ ૧૫૦૦ કિલો x ૩૦ દિ. x રૂ. ૧.૫૦ કિલો | ૬૭,૫૦૦ |
| બ | પગાર ખર્ચ ૩ વ્યક્તિ રૂા.૬૦ દિ.x ૩૦ દિવસ = | ૫૪૦૦ |
| | ૭ વ્યકિત x રૂ.૪૦x ૩૦ દિવસ= | ૮,૪૦૦ |
| ક. | પાવર ફયુઅલ ખર્ચ | ૫,૦૦૦ |
| ડ. | બેંકનો હપ્તો વ્યાજ સાથે | ૨,૬૦૦ |
| ઇ. | પેકિંગ ખર્ચ ૩૦૦ x ડબા રૂા. ૫/નંગ | ૨,૪૦૦ |
| ફ. | ઘસારા ખર્ચ | ૬૦૦ |
| જ. | રીપેર/ સ્ટોર્સ, અન્ય વપરાશી વસ્તુ વિ. | ૫૦૦ |
| ઝ. | મકાન ભાડું | - |
| ઇ. | અન્ય | - |
| કુલ | આવર્તક ખર્ચ | ૯૨,૪૦૦ |

**❑ કુલ વેચાણ : માસિક :**

ગોળ ૩૦૦ કિલો/દિવસ x ૩૦ દિવસ x રૂ. ૧૧ પ્રતિ કિલો ૯૯,૦૦૦

**❑ નફોતોટાનો અંદાજ (માસિક)**

| | |
|---|---|
| કુલ વેચાણ | ૯૯,૦૦૦ |
| બાદ : માસિક આવર્તક ખર્ચ | ૯૨,૪૦૦ |
| ચોખ્ખો નફો માસિક | ૬,૬૦૦ |

**❑ અન્ય વિગત :**

(૧) વાર્ષિક છ માસથી વધારે ઉત્પાદન, સીઝનલ ઉદ્યોગ હોઇ મળી શકે નહીં.

**❑ ખાસ નોધ :**

(૧) આ ઉદ્યોગ શેરડીનો ઉત્પાદક પોતે જ ખેતરના એકાદ ભાગમાં સીઝનલ પ્રમાણે કરતા હોઇ વધારાની જગ્યાની જરૂરિયાત રહેતી નહીં.

**❑ કાચા માલના ઉત્પાદકો/વિતરકો :**

(૧) શેરડીનું વાવેતર જે સ્થળે તે સ્થળે આ ઉદ્યોગ કરવાનો રહેતો હોઈને કાચોમાલ સ્થાનિક જ ઉપલબ્ધ થઇ શકે.

**❑ મશીનરી/સાધનો/ડાઈઝટુલ્સના ઉત્પાદકો/વિતરકો :**

૧. મે. અમૃત એન્જિનિયરિંગ વર્કસ, પ્રતાપનગર, વડોદરા.
૨. મે.રીગલ ટ્રેડિંગ કંપની, કડીયા કુઇ, રીલીફ રોડ, અમદાવાદ.
૩. સ્થાનિક વેપારી પાસેથી મળી શકે.

# અન્ય જાહેરખબર

**■ ઈન્ડિયન ઓર્ડેનન્સ ફેકટરીઝ : જબલપુર**

**♦ જગ્યાનું નામ :** DBW, ઈલેક્ટ્રોપ્લેટર, મશીનીસ્ટ, એક્ઝામીનર એન્જિનિયર, ટર્નર, ફીટર જનરલ

**♦ જગ્યાની સંખ્યા :** ૨૯૪

**♦ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :** ૨૭-૭-૨૦૧૦

**■ દિલ્હી સર્બોડીનેટ સર્વિસીઝ સિલેકશન બોર્ડ : દિલ્હી**

**♦ જગ્યાનું નામ :** પોસ્ટ ગ્રેજ્યુએટ ટીચર, ટ્રેઈન્ડ ગ્રેજ્યુએટ ટીચર, લાઈબ્રેરિયન, લાયબ્રેરી ક્લાર્ક, આસિસ્ટન્ટ

**♦ જગ્યાની સંખ્યા :** ૧૫૬૮

**♦ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :** ૩૦-૭-૨૦૧૦

**વેબસાઈટ :** www.dssb.delhigovt.nic.in

**■ સ્ટીલ ઓથોરીટી ઓફ ઈન્ડિયા લિ. : બર્દવાન (પ. બંગાળ)**

**♦ જગ્યાનું નામ :** આસિસ્ટન્ટ ટીચર, સર્વેયર, ઓવરમેન, માઈનીંગ સીરદાર, ઈલેક્ટ્રિશીયન, વાઈન્ડીંગ એન્જિન ઓપરેટર, એટેન્ડન્ટ કમ ટેક્નીશીયન, ઓપરેટર કમ ટેકનીશીયન

**♦ જગ્યાની સંખ્યા :** ૩૪૫

**♦ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :** ૩૧-૭-૨૦૧૦

**■ યુનિયન પબ્લિક સર્વિસ કમિશન**

**♦ જગ્યાનું નામ :** ડેપ્યુટી એગ્રિકલ્ચરલ માર્કેટીંગ એડવાઈઝર, ચીફ એન્જિનિયર્સ, ડાયરેકટર ઓફ ફલાઈંગ ટ્રેઈનીંગ સિનિયર, સાયન્ટિફિક ઓફિસર, જુ. વર્કસ મેનેજર (સિવિલ), આસિ. ડિફેન્સ એસ્ટેટ ઓફિસર, આસિ. પ્રોફેસર્સ, સ્પેશ્યાલીસ્ટ, રિસર્ચ ઓફિસર્સ (મિકેનિકલ એન્જિ.), પ્રોફેસર, સિનિ. લેકચરર

**♦ જગ્યાની સંખ્યા :** ૭૪

**♦ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ :** ૨૯-૭-૨૦૧૦

**વેબસાઈટ :** www.upsc.gov.in

*(એમ્પ્લોયમેન્ટ ન્યુઝ તા. ૧૦-૭-૨૦૧૦)*

**(૧) કયા મુઘલ શાસકના સિક્કા પર રામ-સીતાના ચિત્ર હતા ?**

(૧) બાબર (૨) અકબર
(૩) ઔરંગઝેબ (૪) જહાંગીર

**(૨) વ્હાનાશીવા બંદર કયા રાજ્યમાં આવેલું છે ?**

(૧) તામિલનાડુ (૨) ઉત્તરાંચલ
(૩) મહારાષ્ટ્ર (૪) ઉત્તરપ્રદેશ

**(૩) દ. ઈટાલીમાં રોમનો જ્યારે આગળ કૂચ કરી ગયા ત્યારે પ્રસિધ્ધ પ્યુનિક સંગ્રામ કયા દેશે લડી બતાવ્યો હતો ?**

(૧) થેસાલી (૨) કોર્ટેજ
(૩) ઈજિપ્ત (૪) એથેન્સ

**(૪) સૂર્યનારાયણ દેવના રથને કેટલા ઘોડા છે ?**

(૧) ત્રણ (૨) પાંચ
(૩) સાત (ડી) નવ

**(૫) હસ્તરેખા જોવા માટે જ્યોતિષી કયો કાચ વાપરે છે ?**

(૧) સાદો કાચ (૨) રંગીન કાચ
(૩) બિલોરી કાચ (૪) ત્રિપાર્શ્વ કાચ

**(૬) નીચેનામાંથી ઊંધું લટકતુ પક્ષી કયું ?**

(૧) સુગરી (૨) લક્કડખોદ
(૩) કંસારો (૪) ચામાચીડીયું

**(૭) મિથિલા નગરીના રાજાનું નામ શું હતું ?**

(૧) દશરથ (૨) રામ
(૩) રાવણ (૪) જનક

**(૮) હાક પાડીને કે ઘાંટો પાડીને બોલાવવું -તેને શું કહીશું ?**

(૧) બૂમરાણ (૨) બૂમાબૂમ
(૩) આકરણ (૪) આખળો

**(૯) કોના સામ્રાજ્યના સમયમાં નાલંદા વિશ્વવિદ્યાલયની સ્થાપના થઈ હતી ?**

(૧) સમ્રાટ અશોક (૨) સમ્રાટ હર્ષવર્ધન
(૩) હુમાયુ (૪) બાબર

**(૧૦) જાપાનની પૌરાણિક કથાઓ દાવો કરે છે કે, જાપાનીઝ લોકોનો સમ્રાટ, સૂર્યદેવીનો પુત્ર છે, તમે એ સૂર્યદેવીનું નામ કહી શકશો ?**

(૧) ઈઝાનાની (૨) ડેઈનિચી
(૩) આમાટ્રેસ (૪) હિમીકો

**(૧૧) નીચેનામાંથી કયુ નામ ગંગાનું છે ?**

(૧) સરસ્વતી (૨) જમનોત્રી
(૩) ભાગીરથી (૪) યમુનોત્રી

**(૧૨) ' આઢક ' -એટલે ?**

(૧) તુવેર (૨) મગ
(૩) ચોળા (ડી) વાલ

**(૧૩) નીચેનામાંથી કયું તારા જુથ W જેવોઆકાર ધરાવે છે ?**

(૧) નિહારિકા (૨) શર્મિષ્ઠા
(૩) સપ્તર્ષિ (૪) ધ્રુવ

**(૧૪) આમાં શેકસપિયરે લખેલું નાટક કયું ?**

(૧) કિંગ બિયર (૨) જીંગ ડિયર
(૩) કિંગ લિયર (૪) જીંગ નિયર

**(૧૫) આમાં એરફોર્સનું હેટક્વાર્ટર્સ કયું ?**

(૧) દિલ્હી (૨) મુંબઈ
(૩) ચેન્નાઈ (૪) કોલકત્તા

**(૧૬) સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત ડોલરરાય માંકડ લિખિત નિબંધ સંગ્રહ કયો ?**

(૧) આરતી (૨) પ્રસાદ
(૩) નૈવેદ્ય (૪) ભજન

**(૧૭) કયા વિટામીનના અતિરેક કે બિનજરૂરી પ્રમાણને લીધે આંચકી કે બ્રેઈન હેમરેજ જેવી આડ અસર થઇ શકે છે ?**

(૧) કે (૨) ઈ
(૩) એ (૪) બી-૬

**(૧૮) તામિલનાડુ ખાતે આવેલું મંગળ ગ્રહનું મંદીર કયું ?**

(૧) કંચનૂન મંદીર (૨) તીરૂનલ્લુર મંદીર
(૩) વૈદીશ્વરન મંદીર (૪) તીંગલૂર મંદીર

**(૧૯) ફ્રેન્ચ વિજ્ઞાની લુઈ પાશ્ચરની જન્મ તારીખ કઈ ?**

(૧) ૨૭-૧૨-૧૮૨૨ (૨) ૨૪-૧૧-૧૮૨૦
(૩) ૨૧-૧૦-૧૮૧૮ (૪) ૧૮-૦૯-૧૮૧૬

**(૨૦) માતાજીની મૂર્તિને બદલે મૂકાતી રંગ-બેરંગી ધાતુઓના પતરાની તકતીને શું કહે છે ?**

(૧) તસવીર (૨) પ્રતિમા
(૩) આંગી (૪) ચીપણી

**(૨૧) મુઘલ શહેનશાહના વખતમાં ધર્મગુરૂઓને બક્ષિસ અપાતી જાગીરને શું કહેતા ?**

(૧) ગરાસ (૨) તગાવી
(૩) ધર્મબક્ષ (૪) અઈમા

**(૨૨) વોલ્ટ ડિઝનીનો જન્મ ક્યારે થયો હતો ?**

(૧) ૩-૧૦-૧૯૦૩ (૨) ૫-૧૨-૧૯૦૧
(૩) ૭-૧૧-૧૯૦૭ (૪) ૯-૯-૧૯૦૫

**(૨૩) તા. ૭-૬-૧૯૭૯ના દિને છોડવામાં આવેલો ઉપગ્રહ કયો ?**

(૧) આર્યભટ્ટ (૨) એપલ
(૩) ઈન્સેટ-૨-એ (૪) ભાસ્કર-૧

**(૨૪) આમાં નાડીમાપક ઉપકરણ કયું ?**

(૧) સ્ફિગ્મોમીટર (૨) થર્મોસ્ટેટ
(૩) ગ્રેવિમિટર (૪) મેખમિટર

**(૨૫) ઈટર્બિયમ (તત્વ) ની સંજ્ઞા કઈ ?**

## જનરલ નોલેજ ક્વિઝ કોર્નર

**હેમંત પટેલ**

(૧) Er (૨) Yb
(૩) Zr (૪) Fb

**(૨૬) લીમડાનો રસ લોકો કયા દિવસે પીવે છે ?**

(૧) શરદપૂનમ (૨) ગુડી પડવો
(૩) જયા એકાદશી (૪) ભાઈબીજ

**(૨૭) બિલોરી કાચ વચ્ચેથી કેવો હોય છે ?**

(૧) પાતળો (૨) જાડો
(૩) ઉપસેલો (૪) ખાડાવાળો

**(૨૮) કયા વેદમાં યજ્ઞને લગતી બાબતોનું વર્ણન છે ?**

(૧) સામવેદ (૨) અર્થવવેદ
(૩) યજુર્વેદ (૪) ઋગ્વેદ

**(૨૯) પથ્થર ઘડવાની જગાને શું કહેવાય ?**

(૧) આખળી (૨) શિલ્પસ્થળ
(૩) મૂર્તિભૂમિ (૪) આછર

**(૩૦) પાલીતાણાના શૈત્રુંજય મંદીર કયા વંશના છે ?**

(૧) ચાણક્ય (૨) ચાલુક્ય
(૩) સોલંકી (૪) ચૌલ

**(૩૧) ભારતમાં રેશમવસ્ત્ર ઉદ્યોગના ઉત્પાદનમાં કયું રાજ્ય સર્વપ્રથમ છે ?**

(૧) કર્ણાટક (૨) ગુજરાત
(૩) અરૂણાચલ પ્રદેશ (૪) હિમાચલ પ્રદેશ

**(૩૨) રાજપુતોના ચાર ગોત્રો ચૌહાણ, સોલંકી, પરમાર અને પ્રતિહારનો એક રાજ્યસંઘ રચાયો, એ રાજ્યસંઘનું નામ શું હતું ?**

(૧) રાજપુતાના (૨) ચૌકુલ
(૩) દકકાનીશ (૪) અગ્નિકુલા

**(૩૩) પાટણના સોલંકી રાજાનું નામ શું હતું ?**

(૧) મૂળરાજ સોલંકી (૨) પૃથ્વીરાજ ચૌહાણ
(૩) સિધ્ધરાજ જયસિંહ (૪) રણજિતસિંહ

**(૩૪) ઈ. સ. ૭૪૧ માં નાગરિક સરકારની સમાંતર બુધ્ધિસ્ટ પૂજા પધ્ધતિની રચના કરનાર અને ૫૩ ફૂટની ભગવાન બુધ્ધની કાંસ્ય પ્રતિમા ટોડાઈજીને સમર્પિત કરનાર જાપાનનો કયો સમ્રાટ હતો ?**

(૧) કામાતારી (૨) શીરાકાવા
(૩) સાઉમું (૪) સોટોકુ

**(૩૫) કઇ વનસ્પતિના પર્ણ જાડા, ચીકણા અને લીલા હોય છે ?**

(૧) પીપળો (૨) કેળ
(૩) લીમડો (૪) થોર

**(૩૬) જાતને છેતરવી તે ..... ?**

(૧) આત્મજ્ઞાન (૨) આત્મનિરીક્ષણ
(૩) આત્મવિલોપન (૪) આત્મવંચના

**(૩૭) અમર ગ્રંથ 'રામાયણ'ને હિન્દી ભાષામાં કોણે લખ્યો હતો ?**

(૧) કવિ કાલીદાસે (૨) સંત તુકારામે
(૩) કવિ ભાસે (૪) સંત તુલસીદાસે

**(૩૮) પૃથ્વી ઉપરનું સૌથી મોટું પ્રાણી કયું છે ?**

(૧) જીરાફ (૨) મગર
(૩) હિપોપોટેમસ (૪) વ્હેલ

**(૩૯) ' ઓથેલો ' -નાટક કોણે લખ્યું હતું ?**

(૧) જુલિયસ સીઝરે (૨) કલીઓ પેટ્રાએ
(૩) શેક્સપિયરે (૪) જહોન આલ્બર્ટે

**(૪૦) એરફોર્સનું હેડક્વાર્ટર કયું છે ?**

(૧) ઈન્દોર (૨) અલ્હાબાદ
(૩) અમદાવાદ (૪) જયપુર

**(૪૧) સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત એન. કે. પંડ્યા લિખિત કવિતા સંગ્રહ કયો ?**

(૧) અસ્વસ્થ (૨) અસ્વચ્છ
(૩) અશ્વસ્થ (૪) અશ્વત્થામા

**(૪૨) કયા વિટામીનના અતિરેકથી ક્યારેક કમળો થઈ શકે ?**

(૧) એ (૨) સી
(૩) કે (૪) બી-૩

**(૪૩) કયા વૈજ્ઞાનિકના સંશોધનોના પગલે સ્ટીરીયો કેમિસ્ટ્રી, માઈક્રોબાયોલોજી, બેકટેરિયોલોજી, વાઈરોલોજી, ઈમ્યુનોલોજી જેવી વિવિધ વિજ્ઞાન અને તબીબી શાખાઓનો ઉદય થયો હતો ?**

(૧) થોમસ એડિસન (૨) રોબર્ટ જ્યોર્જ
(૩) લુઈ પાશ્ચર (૪) ડબલ્યુ ચિલ્સન

**(૪૪) તામિલનાડુમાં આવેલું કેતુગ્રહનું મંદીર કયું ?**

(૧) આલંગુડી મંદીર (૨) કંચનુર મંદિર
(૩) સૂર્યનાર મંદિર (૪) કીળપેરૂંપાલેં મંદીર

**(૪૫) પાંપણના મૂળ આગળ થતી ફોલ્લીને શું કહે છે ?**

(૧) આંજણી (૨) ખીલ
(સી) ફોડકી (ડી) પાંપણી

**(૪૬) ' અકરબ ' એટલે કઈ રાશી થાય ?**

(૧) કર્ક (૨) કુંભ
(૩) વૃશ્ચિક (૪) મકર

**(૪૭) રાષ્ટ્રપતિભવન ૧૯૪૭ પહેલાં કયા નામે ઓળખાતું હતું ?**

(૧) રાષ્ટ્રઘર (૨) એમ્બેસેડર હાઉસ
(૩) વાઈસરોય હાઉસ (૪) ઈન્ડિયા હાઉસ

**(૪૮) નિકલ (તત્વ) ની સંજ્ઞા કઈ ?**

(૧) Nk (૨) Ni
(૩) Nd (૪) Nb

**(૪૯) તા. ૧૭-૪-૧૯૮૩ના દિવસે છોડવામાં આવેલો ઉપગ્રહ કયો ?**

(૧) રોહિણી-૩ (૨) રોહિણી-૧
(૩) ભાસ્કર-૧ (૪) આર્યભટ્ટ

**(૫૦) ૨૩મી જુલાઈ એ કયા દેશનો સ્વાતંત્ર્ય દિવસ છે ?**

(૧) ઈરાક (૨) કેન્યા
(૩) આર્મેનિયા (૪) ઓમાન

## જવાબ

**૧) અકબર (૨) મહારાષ્ટ્ર (૩) કાર્ટેજ (૪) સાત (૫) બિલોરી કાચ (૬) ચામાચીડીયું (૭) જનક (૮) આકરણ (૯) સમ્રાટ હર્ષવર્ધન (૧૦) આમાટ્રેસ (૧૧) ભાગીરથી (૧૨) તુવેર (૧૩) ધ્રુવ (૧૪) કિંગ લિયર (૧૫) દિલ્હી (૧૬) નૈવેધ (૧૭) ઈ (૧૮) વૈદીશ્વરન મંદીર (૧૯) ૨૭-૧૨-૧૮૨૨ (૨૦) આંગી (૨૧) અઈમા (૨૨) ૨-૧૨-૧૯૦૧ (૨૩) ભાસ્કર-૧ (૨૪) સ્ફિગ્મોમીટર (૨૫) Yb (૨૬) ગુડી પડવો (૨૭) ઉપસેલો (૨૮) યજુર્વેદ (૨૯) આખળ (૩૦) ચાણક્ય (૩૧) કર્ણાટક (૩૨)અગ્નિકુલા (૩૩)સિધ્ધરાજ જયસિંહ (૩૪) સાઉમું (૩૫) થોર (૩૬) આત્મવંચના (૩૭) સંત તુલસીદાસે (૩૮) વ્હેલ (૩૯) શેકસપિયરે (૪૦) અલ્હાબાદ (૪૧) અશ્વસ્થ (૪૨) કે (૪૩) લુઈ પાશ્ચર (૪૪) કીળપેરૂપાલેં મંદીર (૪૫) આંજણી (૪૬) વૃશ્ચિક (૪૭) વાઈસરોય હાઉસ (૪૮) એનઆઈ (૪૯) રોહિણી-૩ (૫૦) ઓમાન**

# કોર્પોરેશન બેંકમાં ક્લાર્કની ભરતી

**નીચે જણાવ્યા મુજબ રાજ્યોમાં આવેલી કોર્પોરેશન બેંકની શાખાઓ/કચેરીઓમાં ક્લાર્કની જગાની નિમણૂક માટે ભારતીય નાગરિકો પાસેથી ઓનલાઈન અરજીઓ મગાવામાં આવે છે. આ જગાઓ કામચલાઉ છે અને પુનર્વિચારણાને પાત્ર છે.**

ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ : ૩૧-૭-૨૦૧૦

જગાઓની કુલ સંખ્યા : ૧૨૧૦

લેખિત પરીક્ષાની તારીખ : ૧૨-૯-૨૦૧૦

જાહેરખબર નંબર : CRPO-3-2010

**❑ રાજ્યવાર જગાઓની સંખ્યા :**

| States / Union Territory | SC | ST | OBC | GEN | Total | Out of which | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | VH | HI | OH | XS |
| **GUJARAT** | **07** | **15** | **27** | **51** | **100** | **2** | **2** | **1** | **14** |
| MADHYA PRADESH | 09 | 11 | 08 | 27 | 55 | - | - | 1 | 07 |
| MAHARASHTRA | 10 | 09 | 27 | 54 | 100 | 1 | 2 | 2 | 14 |
| RAJASTHAN | 07 | 05 | 08 | 20 | 40 | - | - | 1 | 06 |

**❑ ટૂંકાક્ષરો :** SC- અ.જા., ST- અ.જ.જા., OBC- અ.પ.વ., XS- એક્સ સર્વિસમેન, VH- દૃષ્ટિની ખામીવાળા (અંધ/આંશિક અંધ), HI-શ્રવણની ખામીવાળા (બધિર), OH-શારીરિક ખોડખાંપણવાળા.

- અનામત વર્ગના ઉમેદવારો માટે અનામત ન હોય તેવી જગાઓ ઉપર તેઓ સામાન્ય વર્ગના ઉમેદવાર તરીકે અરજી કરી શકે છે.
- જે રાજ્ય કે કેન્દ્ર શાસિત પ્રદેશ માટે જગાઓ જાહેર કરવામાં નથી આવી કે જગાઓ ફાળવવામાં આવી નથી તે જગા માટે અરજી સ્વીકારાશે નહિ.
- ઉમેદવારોની ભરતી રાજ્યવાર કરવાની છે. ઉમેદવારે કોઈ એક રાજ્ય માટેની જગાઓ માટે અરજી કરવાની છે. ત્યારબાદ પરીક્ષા પણ એ જ રાજ્યમાંથી પસંદ કરવામાં આવેલાં કેન્દ્ર પરથી આપવાની રહેશે.
- શારીરિક ખોડ ખાંપણ (શા.ખો.ખાં.) ધરાવતાં ઉમેદવારો, એક્સ સર્વિસમેન માટે અનામત સમાંતર ધોરણે રહેશે. એટલે કે પસંદ થયેલ ઉમેદવારને તેમની કક્ષા મુજબ નિમણૂક આપવામાં આવશે.

**❑ રાષ્ટ્રીયતા/નાગરિકત્વ :**

- ઉમેદવાર (૧) ભારતના નાગરિક અથવા (૨) નેપાલના પ્રજાજન અથવા (૩) ભુતાનના પ્રજાજન અથવા (૪) તા. ૧-૧-૧૯૬૨ પહેલાં ભારતમાં કાયમી ધોરણે રહેવાના ઈરાદાથી આવેલા તિબેટના શરણાર્થી અથવા (૫) મૂળ ભારતીય એવી પાકિસ્તાન, બર્મા, શ્રીલંકા, પૂર્વ આફ્રિકાના દેશો જેવા કે કેન્યા, યુગાન્ડા, યુનાઈટેડ રિપબ્લિક ઓફ ટાંઝાનીયા, ઝાંબીયા, માલાવી, ઝૈર, ઈથોપિયા અને વિયેટનામમાંથી ભારતમાં કાયમી ધોરણે નિવાસ કરવાના ઈરાદાથી સ્થળાંતર કરીને આવેલી વ્યક્તિ હોવી જોઈએ. ક્રમાંક (૨) થી (૫) ની કક્ષાના ઉમેદવારોને ભારત સરકારે યોગ્યતાનું પ્રમાણપત્ર આપેલું હોવું જોઈએ.
- જ્યાં આવું યોગ્યતાનું પ્રમાણપત્ર જરૂરી છે તેવા ઉમેદવારોને પરીક્ષા/ઈન્ટરવ્યૂ આપવા દેવામાં આવશે પરંતુ આખરી પસંદગી સમયે આવું પ્રમાણપત્ર રજૂ કર્યે જ નિમણૂક આપવામાં આવશે.

**❑ શૈક્ષણિક લાયકાત (અરજી કરવાની તારીખે) :**

- કોઈપણ શાખામાં ૪૦ ટકા કે તેથી વધુ ગુણ સાથે સ્નાતક અથવા તેને સમકક્ષ. અ.જા./અ.જ.જા./એક્સ સર્વિસમેન / શા.ખા.ખો. ધરાવતા ઉમેદવારો માટે ૩૫ ટકાનું ધોરણ પણ ચાલશે. કોમ્પ્યુટરની જાણકારી આવશ્યક છે.
- તમામ શૈક્ષણિક લાયકાતો માન્ય યુનિ./બોર્ડ/કેન્દ્ર/રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશની સરકાર માન્ય હોવી જોઈએ.
- **જે રાજ્ય માટેની જગાઓની જાહેરાત કરવામાં આવી છે અને ઉમેદવાર જે રાજ્યની જગાઓ માટે અરજી કરી છે તે રાજ્યની સત્તાવાર ભાષા વાંચવા, લખવા અને બોલવાનું જ્ઞાન હોવું જોઈએ.**

***નોંધ : રાજ્યવાર જગાઓની સંખ્યા, એક્સ સર્વિસમેનની વ્યાખ્યા અને તેઓએ અરજી કરવાની પદ્ધતિ બાબતે, શારીરિક ખોડખાંપણવાળી વ્યક્તિઓ માટે અનામત જગાઓની વિગતો માટે તા. ૧૦-૭-૨૦૧૦નો ''એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ''નો અંક જોઈ જવા વિનંતી છે.***

**❑ વયમર્યાદા :**

- તા. ૧-૬-૨૦૧૦ના રોજ ઉંમર ૧૮ વર્ષથી ઓછી તેમજ ૨૮ વર્ષથી વધુ ન હોવી જોઈએ. (અ.જા., અ.જ.જા.ને પાંચ વર્ષની તથા અ.પ.વ.ને ત્રણ વર્ષની છૂટ મળવાપાત્ર છે.)

**❑ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ :**

- દૃષ્ટિની ખામીવાળા/શ્રવણની ખામીવાળા/શારીરિક (અસ્થિ) ખોડખાંપણવાળા-૧૦ વર્ષની, એક્સ સર્વિસમેન-૩ વર્ષની (સંરક્ષણ દળોમાં કરેલી રાબેતા મુજબની નોકરી ઉપરાંત અને વધુમાં વધુ ૫૦ વર્ષની ઉંમર સુધી)
- વિધવા, છૂટાછેટા લીધેલ મહિલાઓ તથા પોતાના પતિથી કાયદેસર અલગ થયેલી પરંતુ પુનર્લગ્ન ન કર્યું હોય તેવી મહિલાઓને-૯ વર્ષની છૂટ મળી શકશે.
- એક કરતાં વધુ અનામત કક્ષામાં આવતાં ઉમેદવારો ક્યુમ્યુલેટીવ ધોરણે અનામતનો લાભ મેળવી શકશે.

**❑ લેખિત કસોટીની તારીખ :**

- લેખિત કસોટીની તારીખ કામચલાઉ રીતે રવિવાર, **તા. ૧૨-૯-૨૦૧૦ના** રોજ રાખવામાં આવી છે અને તે નીચે જણાવેલ કેન્દ્રો ખાતે લેવામાં આવશે. (અણધાર્યા સંજોગોમાં આ તારીખમાં ફેરફાર કરવાનો બેંક હક્ક ધરાવે છે.)

**❑ કસોટીના કેન્દ્રો :**

- **અમદાવાદ, રાજકોટ,** ભોપાલ, મુંબઈ, જયપુર વગેરે.
- જે ઉમેદવાર કોઈ ચોક્કસ રાજ્યની જગાઓ માટે અરજી કરે છે તેમણે લેખિત કસોટી માત્ર તે રાજ્યના કોઈપણ એક કેન્દ્ર ખાતે આપવાની રહે છે. આ બાબતને અનુરૂપ ન હોય તેવી અરજીઓ રદ કરવામાં આવશે. અરજી રજૂ કર્યા બાદ રાજ્ય અથવા કેન્દ્ર બદલવાની કોઈપણ વિનંતીને ધ્યાને લેવામાં આવશે નહિ.
- બેંક પોતાની મુનસૂફી મુજબ કોઈપણ કેન્દ્રનો ઉમેરો કરવાનો/રદ કરવાનો તેમજ ઉમેદવારને કસોટી માટે કોઈપણ અન્ય કેન્દ્ર ખાતે બોલાવવાનો અધિકાર ધરાવે છે. જો ઉમેદવારે રાજ્ય અને કેન્દ્ર દર્શાવવામાં કોઈ વિસંગતતા કરી હશે તો જે રાજ્ય માટે અરજી કરી હશે તે મુજબ કેન્દ્ર નક્કી કરવામાં આવશે.

**❑ કોલ લેટર :** લેખિત પરીક્ષા માટેના કોલ લેટર ઉમેદવારોએ બેંકની વેબસાઈટ **www.corpbank.in** ઉપરથી ડાઉન લોડ કરી લેવાના રહેશે. કોઈપણ ઉમેદવારને પોસ્ટ દ્વારા કોલ લેટર મોકલવામાં આવશે નહિ. આ અંગે કોઈ ઉમેદવારને મુશ્કેલી જણાય તો નીચે દર્શાવેલ સરનામે સંપર્ક કરવો.

**Centre & Contact Address**

**AHMEDABAD : The Deputy General Manager, Corporation Bank, Zonal Office, II Floor, P. B. No.4106, Near Navarangapura, P.O., Ahmedabad - 380 009. Phone: 26442766, 26443063.**

**Rajkot :- The Assistant General Manager, Corporation Bank, "Nijananda," Dhebar Road, P.B. No. 556, Rajkot-360 002, Phone : 0281-2232435, 2233921.**

***નોંધ : અન્ય કેન્દ્રો અને તેઓના સંપર્ક માટેના સરનામાની વિગતો તેમજ અન્ય વિગતો માટે તા. ૧૦-૭-૨૦૧૦નું ''એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ'' જોઈ જવા વિનંતી છે.***

**❑ પસંદગી પ્રક્રિયા :**

- તમામ યોગ્યતા ધરાવતા ઉમેદવારોને લેખિત કસોટીમાં બોલાવવામાં આવશે. આ કસોટી હેતુલક્ષી પ્રકારની હશે. સમય એક કલાકનો રહેશે. ચાર પેપર રહેશે. હેતુલક્ષી કસોટીમાં તર્કશક્તિ, ન્યુમેરિકલ એપ્ટિટ્યૂડ, કલેરીકલ એપ્ટિટ્યૂડ, જનરલ નોલેજ અને અંગ્રેજી ભાષાનો સમાવેશ થશે.
- તર્કશક્તિ અને ન્યુમેરિકલ એપ્ટિટ્યૂડ ટેસ્ટમાં (૧૦૦ પ્રશ્ન ૧૬૦ ગુણ), કલેરિકલ એપ્ટિટ્યૂડ ટેસ્ટમા (૪૦ પ્રશ્ન-૪૦ ગુણ), અંગ્રેજી ભાષા (૪૦ પ્રશ્ન-૪૦ ગુણ), જનરલ નોલેજ (૨૦ પ્રશ્ન-૨૦ ગુણ) રહેશે.
- ઉમેદવારે દરેક હેતુલક્ષી કસોટી અલગ રીતે પાસ કરવાની રહેશે.
- જગાની સંખ્યાના આધારે, જે ઉમેદવારો હેતુલક્ષી કસોટીમાં વધુ ગુણ મેળવશે તેઓને જ ઈન્ટરવ્યૂમાં બોલાવવામાં આવશે. કસોટીમાં યોગ્યતા મેળવવાથી/પાસ થવાથી જ ઉમેદવારને ઈન્ટરવ્યૂમાં બોલાવવાનો હક્ક પ્રાપ્ત થતો નથી.
- આખરી પસંદગી હેતુલક્ષી કસોટી અને ઈન્ટરવ્યૂના ગુણનો સરવાળો કરીને મેળવેલ રેન્કના આધારે કરવામાં આવશે.
- લેખિત કસોટી માટેની વિગતવાર માહિતી **"Acquaint Your-self"** નામની પુસ્તિકામાં આપવામાં આવશે જે વેબ સાઈટ ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.

**❑ નિમણૂક :** દરેક રાજ્યમાંથી પસંદ કરાયેલા ઉમેદવારોને જે તે રાજ્યમાં, આ બાબતે બેંકે ઘડેલાં ધારાધોરણો મુજબ નિમણૂક આપવામાં આવશે.

**❑ અજમાયશ અને પગાર ધોરણ :** અજમાયશનો સમય છ માસનો રહેશે. કારકુનના પગાર ધોરણમાં સ્નાતકોને પ્રારંભિક તબક્કે મળવાપાત્ર પગાર રૂા. ૯,૫૦૦ છે. (ડી.એ., એચઆરએ સહિત) તદ્ઉપરાંત બેંકના ધારાધોરણ પ્રમાણે કન્વેયન્સ, તબીબી સહાય, એલએફસી અને નિવૃત્તિના લાભો મળવાપાત્ર છે.

**❑ અરજી ફી (પરત નહિ મળવાપાત્ર) :**

- અ.જા., અ.જ.જા., શા.ખો.ખાં., એક્સ સર્વિસમેન ઉમેદવારોએ આઉટ ઓફ પોકેટ ખર્ચ પેટે માત્ર **રૂા. ૫૦/-** ચૂકવવાના રહેશે. અ.પ.વ. સહિત અન્ય તમામ ઉમેદવારોએ આઉટ ઓફ પોકેટ ખર્ચ પેટે તરીકે **રૂા. ૨૦૦/-** ચૂકવવવાના રહેશે.
- અરજી ફી કોર્પોરેશન બેંકની કોઈપણ શાખામાં નિર્ધારીત પેમેન્ટ ચલન દ્વારા એકાઉન્ટ નંબર 0377/CA/01/000 709માં રોકડમાં જમા કરાવવાની છે.
- ચેક/મનીઓર્ડર/પોસ્ટલ ઓર્ડર/પોસ્ટલ સ્ટેમ્પથી કરેલી ચૂકવણી સ્વીકારવામાં આવશે નહિ.

**❑ અરજી કેવી રીતે કરશો ?**

- ઉમેદવારોએ બેંકની વેબ સાઈટ **www.corpbank.in** ઉપર ઓન લાઈન અરજી કરવાની રહેશે.
- ઉમેદવારોએ સૌ પ્રથમ વેબસાઈટ ઉપરથી ફી પેમેન્ટ ચલનના નમૂનાની પ્રિન્ટ આઉટ કાઢી તેની બે નકલ કાઢી તેમાં જરૂરી વિગતો ભરવી. ત્યારબાદ બેંકમાં જઈ ફી જમા કરાવવી. ફી જમા કરાવ્યા બાદ ઉમેદવારે રાખવાની નકલ બેંક પાસેથી મેળવી લેવી.
- ઉમેદવારોએ ચલનમાં શાખાનું નામ, શાખાનો કોડ નં., રિસિપ્ટ નંબર, નાણા જમા કરાવ્યાની તારીખ, રકમ વગેરે ચેક કરી લેવું. ત્યારબાદ પુનઃ વેબસાઈટ પર જઈ ઓનલાઈન અરજી કરી, રજીસ્ટ્રેશન નંબર અને પાસવર્ડ મેળવી લેવાનો રહેશે. જે ભવિષ્યમાં ઉપયાગમાં લેવાશે.
- ઉમેદવારોએ લેખિત પરીક્ષા વખતે ડાઉનલોડ કરેલ કોલ લેટરમાં ફોટો ચોંટાડી તેની ઉપર સહી કરી, અરજી ફી ભર્યાની ચલનની અસલ કોપી રજૂ કરવાની રહેશે. ચલનની પાછળ ઉમેદવારે રજીસ્ટ્રેશન નંબર અને જન્મ તારીખ લખવાં. વધુમાં, ઉમેદવારોએ ઓનલાઈન અરજી ફોર્મની પ્રિન્ટ આઉટ કાઢી તેની ઝેરોક્ષ કઢાવી સાચવી રાખવી. કોલ લેટર તા. ૨૪-૮-૨૦૧૦ બાદ ડાઉન લોડ કરી શકાશે.

**❑ સામાન્ય સૂચનાઓ :**

- સરકારી કચેરી/જાહેર સાહસોમાં નોકરી કરતા કર્મચારીઓએ ઈન્ટરવ્યૂના સમયે પોતાની કચેરી તરફથી ''ના વાંધા પ્રમાણપત્ર'' મેળવીને રજૂ કરવાનું રહેશે.
- ઉમેદવારોએ લેખિત કસોટી માટે સ્વખર્ચે આવવાનું રહેશે. જોકે ઈન્ટરવ્યૂમાં બોલાવવામાં આવેલ બેરોજગાર અ.જા./અ.જ.જા. ઉમેદવારોને નિયમાનુસાર બીજા વર્ગનું રેલવે/બસ ભાડુ ચૂકવવામાં આવશે.
- આ વિજ્ઞાપન સંબંધી કાયદાકીય કાર્યવાહી માટે કાયદાનું ક્ષેત્ર મેંગ્લોર ખાતેની કોર્ટ રહેશે.
- આ વિજ્ઞાપનના પ્રતિભારૂપે એકથી વધુ અરજીઓ મોકલનાર ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.
- **ઉમેદવારોએ મુળ પ્રમાણપત્રો મોકલવા નહી** તેમજ ઉપર દર્શાવેલ સિવાયના અન્ય પ્રમાણપત્રો, દસ્તાવેજોની નકલો મોકલવી નહીં.
- જે ઉમેદવારો જે તે રાજ્યોમાં જાહેર કરાયેલી જગાઓ પર રાજ્યોના કોઈપણ સ્થળે નોકરી કરવા રાજી હોય તેઓએ જ અરજી કરવી.
- ઉમેદવારોએ એક પરબીડિયામાં એક જ અરજી મોકલવી.
- બેંક પોતાની મુનસૂફી મુજબ કેન્દ્ર/સ્થળ/સ્થળના ભાગ અથવા/ઉમેદવાર/ઉમેદવારોની બાબતમાં જ્યારે જરૂરી લાગે ત્યારે પુનઃકસોટી યોજી શકશે.
- એક વાર ઉમેદવારે ચોક્કસ કક્ષા હેઠળ અરજી રજૂ કર્યા બાદ તેમાં પાછળથી ફેરફાર થઈ શકશે નહીં.

**ડેપ્યુટી જનરલ મેનેજર (PAD)**

*મુદ્રક, પ્રકાશક, માલિક : માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૭/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત, વ્યવસ્થાપક, સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત.*